## ટ્રેક નં. ૧૮ : સ્વપરપ્રકાશક આત્મા વિષે

✻ શું આત્મા પોતાને જ જાણે કે પરને જાણે? મને ખબર નથી. ખબર નથી? તો આવો અને સાંભળો પૂજ્ય બેનશ્રીની તત્વ ચર્ચા અને કરી લો સમાધાન.

✻ માંગલિક :

✻ ભક્તિ : નિત્ય ઉદ્યોત મારું જ્ઞાન આ પ્રકાશતું,
નિત્ય ઉદ્યોત મારું જ્ઞાન આ પ્રકાશતું,
સ્વ-પર આ સહજ પ્રકાશે રે ત્રિકાળી દેવ,
સ્વ-પર સહજ પ્રકાશે રે ત્રિકાળી દેવ,
પામું શરણ તમારું રે, ત્રિકાળી દેવ.

✻ **પ્રશ્ન : કેવલ જ્ઞાયક જ છે આત્મા ?**

● ઉત્તર : જ્ઞાયક સ્વરૂપ જ છે. જ્ઞાયકતાસે ભરેલા, ઈસમેં કોઈ પરકા કર્તા નહીં હો સકતા, અપના સ્વભાવ-જ્ઞાયક સ્વભાવ, યે જ્ઞાયકકા સ્વભાવ પીછાને, ઉસકી શ્રદ્ધા કરે, ઉસકી લીનતા કરે, કોઈ નવીનતા જગતકી કોઈ અનાદિકાળસે જો વિભાવપર્યાય હો રહી હૈ ઈસસે કોઈ નવીન પર્યાય પ્રગટ હોતી હૈ. એ નવીન હોવે તો એ નવીનતા ખરી નવીનતા, નવું વર્ષ એ તો છે. અંદરમેંસે નવીનતા કોઈ નવીન પર્યાય પ્રગટ હોવે તો વાસ્તવિક નવીનતા.

✻ **પ્રશ્ન : જાણે છે આત્મા બધાને ?**

● ઉત્તર : જાણનારો છે આત્મા. સ્વપરપ્રકાશક અપનેકો જાણતા સ્વકો જાણતા, સ્વકો જાણતાં પર સહેજે જણાઈ જાય છે. જે સ્વને જાણે તે પરને યથાર્થ જાણે છે. એકલો અનાદિ કાળથી પરને જાણે એ સ્વને પણ નથી જાણતો અને પરને પણ નથી જાણતો. જે પોતાને જાણે છે તે પરને જાણે છે. જે પોતાને નથી જાણતો તે પરને પણ નથી જાણતો.

✻ **પ્રશ્ન : ટેપમાં આવ્યું કે જણાય છે એ જાણતો નથી ?**

● ઉત્તર : જણાય છે. વિકલ્પ કરીને જાણવા જાતો નથી એકત્વબુદ્ધિથી. સ્વને જાણતાં પર જણાય છે પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. વિકલ્પ કરીને પરનો કર્તા થાતો એમાં એકત્વબુદ્ધિ કરતો નથી સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

**✻ પ્રશ્ન : ભૂતકાલકી પર્યાય અને ભવિષ્યકાલની પર્યાય પોતાના જ્ઞાનની અપેક્ષાએ અવિદ્યમાન હોવા છતાં પણ જાણે છે બધાને. એવો સ્વભાવ છે ?**

● ઉત્તર : સ્વભાવ છે. વિદ્યમાન નથી તો પણ જાણે છે એવો જ્ઞાનનો કોઈ અચિંત્ય સ્વભાવ છે. અનંત અનંત-અગાધ જ્ઞાનશક્તિ કોઈ અપૂર્વ અચિંત્ય છે. જે ગયા કાળે વીતી ગઈ અને ભવિષ્યે વીતવાની છે. ઈ બધી પર્યાયને આત્મા પ્રત્યક્ષ જાણે એવો જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે. કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાની બધું પ્રત્યક્ષ જાણે છે. સ્વની—પોતાના આત્માની અનંતી પર્યાય અને પરની અનંતી પર્યાયને બધું જાણે છે. પોતે પોતામાં રહીને જાણે છે. સ્વભાવમાં રહીને જાણે છે.

**✻ પ્રશ્ન : જે પર્યાય પ્રગટ થઈ નથી એને પણ કૂટસ્થ જાણે છે કે પ્રત્યક્ષ જાણે છે ?**

● ઉત્તર : પ્રત્યક્ષ જાણે છે. આ પ્રગટ થવાની છે એવી રીતે પ્રત્યક્ષ જાણે છે. કેવી રીતે, ક્યારે પ્રગટ થવાની છે, એ બધું પ્રત્યક્ષ જાણે છે.

**✻ પ્રશ્ન : ભગવાન મહાવીરને તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન હતું અને સિદ્ધ થઈ ગયા તો એને સિદ્ધ પર્યાયને પણ જાણે છે ?**

● ઉત્તર : સિદ્ધ પર્યાયને જાણે છે. પોતે કેવળજ્ઞાની હતા અને સિદ્ધ પર્યાય બધું જાણે છે. આ ભવિષ્ય આમ થવાનું છે અને આ થયું છે. વર્તમાન અને ભવિષ્ય બધું જેમ છે એમ જાણે છે. એવો કોઈ જ્ઞાનનો અપૂર્વ અગાધ સ્વભાવ છે. સ્વભાવ કોઈ અપૂર્વ છે અનંત અનંત અનંત લોકાલોક જાણે તોય એમાં ભાર કે કાંઈ થાતું નથી.

પણ અનંત સહજ જાણે છે. શાસ્ત્રમાં આવે છે ને! અણુ રેણુવત્ એક અણુ હોય એનાથી અનંત લોકાલોકને જાણે એવી શક્તિ છે. આત્મામાં જાણવાની અનંતી શક્તિ હોય. સ્વરૂપ છે પણ મારું જ્ઞાન પરિણમીને ઈ પર્યાય આવે જ્ઞેય પરિણમીને મારામાં ઈ પર્યાય નથી આવતી. જ્ઞેયની પર્યાય જ્ઞેયમાં છે મારા જ્ઞાનની પર્યાય મારામાં છે. જ્ઞાન પરિણમીને પર્યાય જે આવે છે. એ મારામાં છે પણ જ્ઞાન બધું જાણે છે. પરિણમનારો હું છું. જ્ઞાન સ્વ-પર બેયનું હોય છે પણ જ્ઞાનગુણ પોતે પરિણમીને પર્યાય આવે છે. જ્ઞેય પરિણમીને મારામાં પર્યાય નથી આવતી. હું પોતે પરિણમનારો છું. ભાવોરૂપે પરિણમનારો છું. આ જ્ઞાન પોતાની અચિંત્ય શક્તિ અને મહિમા છે. ભેદજ્ઞાનરૂપે પરિણમનારો હું એક સ્વરૂપે રહેનારો, અનેક રૂપે થનારો નથી, અનેક જ્ઞેયની પર્યાયો જણાય, પર્યાયની અપેક્ષાએ મારામાં અનેકતા થાય. બાકી સ્વભાવથી તો હું એક છું. પર્યાયની અનેકતામાં હું આખો ખંડખંડ થાતો નથી. કેમકે ઈ પર્યાય છે. વસ્તુ સ્વરૂપે હું એક છું. યથાર્થ જ્ઞાન થાય સ્વરૂપમાં, પોતાને ભાન થાય. ભેદજ્ઞાનની ધારા થાય. તો એને સ્વાનુભૂતિની પર્યાય પ્રગટે છે. જે જ્ઞાન પરિણમીને પર્યાય આવે છે. પર્યાય આવી એમાં શું જાણ્યું જ્ઞાને ? સ્વ-પર બેયનું છે. છદ્મસ્થને તો એક ઠેકાણે ઉપયોગ રહે ઈ પ્રગટ ઉપયોગાત્મક હોય તો પ્રગટપણે જ્યાં ઉપયોગ હોય તે જાણે છે. કેવળજ્ઞાની એક સાથે બેય જાણે છે. સાધકદશા છે અને ભેદજ્ઞાનની પરિણતિ છે એની પરિણતિ જ્ઞાનની તો હું છું ને આ પર, એક જ્ઞાનની પરિણતિ તો ચાલુ જ છે. લબ્ધ આત્માક જ્ઞાન એટલે જે અનાદિનું ક્ષયોપશમ અને અમુક ઉઘાડ એમ નહીં, એની અંદર પ્રગટ થયું છે લબ્ધપણે ને ઉપયોગ પ્રગટપણે ભેદજ્ઞાનની ધારા લબ્ધપણે પ્રગટ છે. કાંઈ અનાદિનો હોય એવું લબ્ધ નથી. અનાદિની શક્તિરૂપે અથવા અમુક ક્ષયોપશમ પ્રગટ થોડો ઉપયોગ અને થોડો લબ્ધ એમ નથી. આ લબ્ધ એટલે પ્રગટ થઈને લબ્ધ થયેલો છે.

લબ્ધ છે એ વેદનરૂપ પરિણતિ આવે છે. સ્વાનુભૂતિ નહીં. પણ ભેદજ્ઞાનની અમુક પ્રકારની ધારા શક્તિ પ્રગટી ગઈ છે. ભેદજ્ઞાનની પરિણતિમાં શક્તિ છે. અમુક શાંતિની ધારા પ્રગટેલી છે. એમાં ભેગું જ્ઞાન આવી જાય છે. સ્વ-પર પ્રકાશક, પરિણતિરૂપે, કેવળજ્ઞાની ક્યાંય ઉપયોગ નથી મુકતા કાંઈ? ઈ પરિણતિરૂપે જ્ઞાન એને સહજ થઈ ગયું છે. પરિણતિરૂપે થઈ ગયું છે. ઈ કાંઈ એક પછી એક ઉપયોગ નથી મૂકતા. સહજ ઉપયોગાત્મક થઈ ગયો છે. એક સરખો ઉપયોગ થઈ ગયો છે. બધા અપેક્ષા પરિણતિ કહેતા હતા કારણ કે એક પછી એક ઉપયોગમાં ક્રમ નથી. પરિણતિ એવી થઈ ગઈ છે કેવળજ્ઞાન છે અક્રમ ક્ષણે ક્ષણે? કીધું ને અંશે એનું સ્વપર-પ્રકાશકપણું તે રૂપે ચાલુ થઈ ગયું છે. લોકાલોકમાં પોતાને પોતા પૂરતો સ્વપર પ્રકાશક ચાલુ થઈ ગયો છે. વેદનમાં સ્વભાવનો વિભાવનો ભેદ કર્યા કરે છે. ભેદને વિભાવને ઈ બધાનું જ્ઞાન કર્યા કરે છે. સ્વભાવ અને વિભાવના તો ભેદ કર્યા. આ હું અને બધાય બીજા એ પ્રત્યક્ષ જ્ઞાન થઈ જાય છે. આના વેદનમાં એને પ્રત્યક્ષ જ્ઞાન થઈ જાય છે. સ્વપરપ્રકાશક, પોતાની પરિણતિ સામે જોવે છે. પણ એમાં આવે છે કે 'આ હું જ છું અને આ હું નથી.'

**✻ પ્રશ્ન : કભી તો ઐસા લગતા હૈ કે એ પર પ્રકાશક હૈ હી નહીં. કભી ઐસા લગતા હૈ કે સ્વપરપ્રકાશક હૈ ઉસમેં આપ સ્પષ્ટ કરે.**

● ઉત્તર : ગુરુદેવ તો અપેક્ષાસે સબ બોલતે થે કે ઈ પર પ્રકાશક નહીં હૈ તો નિશ્ચય કી અપેક્ષાએ કહેતે હૈ. જ્ઞાન જ્ઞાનકો જાનતે હૈ. જ્ઞાન પરકો નહીં જાનતે. ઈસકા અર્થ ઐસા નહીં હૈ કે જાનનેકા સ્વભાવ નહીં હૈ. સ્વભાવકા નાશ નહીં હોતા હૈ. ગુરુદેવ તો એમ કહે સ્વમેં ઉપયોગ જાતા હૈ આત્મામેં પરિણતિ હોતી હૈ. તો જ્ઞાન જ્ઞાનકો જાનતા હૈ. પરમેં નહીં. પરમેં જાતા હી નહીં હૈ. ઈસલિયે જ્ઞાન જ્ઞાનકો હી જાનતે હૈ, જ્ઞાનકી પરિણતિ જ્ઞાનમેં હોતી

હૈ. ઈસલિયે પરકો નહીં જાનતા હૈ ઐસા ઈસકા અર્થ હૈ પણ જ્ઞાન કા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ. એ સ્વભાવકા નાશ નહીં હોતા. જ્ઞાન ઈસકા નામ હૈ કે જો અનંતકો જાણે, ઈસમેં જાનનેકી મર્યાદા નહીં હોતી હૈ. જ્ઞાન ઈસકો કહનેમેં આતા હૈ જો પૂર્ણ જાણે, ઈતના જાણે ઔર ઈતના નહીં જાણે ઐસા જ્ઞાનકા સ્વભાવ નહીં હૈ. જ્ઞાન તો પૂર્ણ જાનતે હૈ. ઈસલિયે જ્ઞાનમેં પર જાણનેકા આત્મા નહી હૈ ઐસા નહીં હૈ. જ્ઞેયકા સ્વભાવ સબ જ્ઞાનકો જાનતા હૈ. અનંતકાલ ગયા, અનંત દ્રવ્ય પરિણમન કરતા હૈ. અનંત દ્રવ્યકા ગુણ, અનંત ગુણકી પર્યાય, અનંત ચૈતન્યદ્રવ્ય, ઉસકા અનંત ગુણ, ઉસકી અનંતી પર્યાય, સબ જ્ઞાનમેં આ જાતા હૈ. જ્ઞાનની પર્યાયમેં સબ આ જાતા હૈ. કેવલજ્ઞાન સબકો જાનતા હૈ. ઈસલિયે પર પ્રકાશક નહીં ઐસા અપના જ્ઞાનકા ઉપયોગ પરમેં નહીં જાતા હૈ. જ્ઞાન જ્ઞાનમેં પરિણમન કરતા હૈ. ઈસલિયે પરકો નહીં જાનતા હૈ. કે જ્ઞાન જ્ઞાનમેં અપના સ્વભાવ અપનેમેં રહતા હૈ. ઈસલિયે જ્ઞાન જ્ઞાનરૂપ પરિણમન કરતા હૈ ઈસલિયે પરકો નહીં જાનતા ઈસકા ઐસા સ્વભાવ નહીં હૈ કિ જ્ઞાન પરકો જાનતા હી નહીં. જાનનેકા સ્વભાવ હી નહીં હૈ. જાનનેકા સ્વભાવ હૈ આત્માકા, સ્વપરપ્રકાશક હૈ. પરકો જાનતા હૈ. નહીં જાનતા હૈ ઐસા નહીં હૈ. ગુરુદેવ દોનોં બાત કરતે હૈ. દોનો બાતમેં મેળ કરના ચાહિયે કિ નહીં જાનના હૈ વો કહેતે હૈ તો અપેક્ષાસે કહતે હૈ. 'નહીં જાનતા હૈ, બિલકુલ નહીં જાનતા હૈ' ઐસા ઈસકા અર્થ નહીં હૈ કે જાનનેકા ઈસકા સ્વભાવ હી નહીં હૈ ઐસા નહીં હૈ. જાનતા હૈ જ્ઞાન તો અનંતકો નહીં જાને તો એ જ્ઞાનકી મહિમા નહીં હૈ. જ્ઞાન અનંતકો જાને, સબકો જાનતે હૈ. જ્ઞાનમેં કોઈ છાના નહીં રહતા, સબ જ્ઞેયોંકો જાનતા હૈ. અનંત જ્ઞેયોંકો જાનતા હૈ જ્ઞાન તો ઈસલિયે સ્વપરપ્રકાશક જ્ઞાનકા સ્વભાવ હૈ. ઉસમેં ઉપયોગ ઈસકા પરમેં નહીં જાતા હૈ. અપનેમેં પરિણમન કરતા હૈ.

*** પ્રશ્ન : સ્વપરપ્રકાશક શક્તિ તો એક હૈ ?**

● ઉત્તર : સ્વપરપ્રકાશક શક્તિ તો એક હૈ. હા એક હૈ, સ્વરૂપમેં પરિણમન કરતા હૈ સ્વકો જાનતા હૈ, પરકો જાનતા હૈ. સબ એક સાથ જાનતા હૈ. ઉસમેં ક્રમ નહીં પડતા હૈ. સ્વ ઔર પર દોનોંકો એક સાથ જાનતા હૈ. ઐસા જ્ઞાનકા સ્વભાવ હૈ. એક સાથ જાનતા હૈ. સ્વભાવકા નાશ નહીં હોતા હૈ જાનનેકા.

**✻ પ્રશ્ન : સ્વપરપ્રકાશક એમ પણ કહેવામાં આવે છે એની વિવક્ષા શું છે? ક્યાં વજન છે?**

● ઉત્તર : સ્વ પ્રકાશક એટલે પોતે પરમાં જાતો નથી. પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિથી એક થાતો નથી. પર જે જાણે પોતે જ્ઞાનના સ્વભાવથી જાણે છે. પરથી પોતે જાણતો નથી. એટલે સ્વ પ્રકાશક કહેવાય. બાકી સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. સ્વ પ્રકાશક એટલે પોતાને જાણે, પરને નથી જ જાણતો, પરનું કાંઈ જ્ઞાન જ નથી એવો એનો અર્થ નથી. તો તો એનો જ્ઞાન સ્વભાવ મર્યાદિત થઈ જાય. સ્વપ્રકાશક એટલે પરને કાંઈ જાણતો નથી એવું હોય તો જ્ઞાન મર્યાદિત થઈ જાય. વાસ્તવમાં ઉપયોગમાં પોતે પોતાની પરિણતિમાં સ્વભાવમાં રહે અને સહજ જણાઈ જાય. જ્ઞાન જ્ઞાનને જાણે છે. જ્ઞાન કોને નથી જાણતું? એ અપેક્ષાએ એમ કહેવાય. પણ જ્ઞાન જ્ઞાનને જાણે એટલે જ્ઞાનમાં બીજાનું કાંઈ સ્વરૂપ જાણતું નથી એવું નથી. જ્ઞેયોનું સ્વરૂપ જાણે છે. એ જ્ઞાનમાં બધું જ્ઞેયોનું સ્વરૂપ આવે છે. અનંતા જ્ઞેયો જે જગતમાં છે. છ દ્રવ્યો એના, દ્રવ્ય, ગુણ, પર્યાય, નવ તત્વનું, બધું એના જ્ઞાનમાં આવે છે. જો તે જ્ઞાનમાં ન આવે તો એ જ્ઞાન સ્વભાવ શેનો કહેવાય? એ જ્ઞાન ગુણ એનું નામ કહેવાય કે જેમાં મર્યાદા ન બંધાય એવો ગુણ છે. બધું પુરું જાણે છે. જ્ઞાનમાં એને બધું આવે છે. ઉપયોગ બહારમાં નથી જતો પરિણતિમાં રહીને બધું જ્ઞાન જ્ઞાનમાં રહીને બધું જણાય છે. એવો એનો સ્વભાવ છે. સ્વપરપ્રકાશક એવી રીતે છે. પરમાં જઈને પોતાનું ક્ષેત્ર છોડીને બહાર નથી જાતો. પોતાના ક્ષેત્રમાં રહીને જાણે એટલે, જ્ઞાન જ્ઞાનના

સ્વરૂપને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એમ કહેવાય પણ એ જ્ઞાન જ્ઞાનને જાણે એટલે જ્ઞાનમાં બીજાનું જ્ઞાન આવતું જ નથી એવું નથી. ઈ તો પછી બધું આખા લોકાલોકનું જ્ઞાન, નરક, સ્વર્ગ, છ દ્રવ્ય એના દ્રવ્ય, ગુણ પર્યાય, ભૂત, વર્તમાન, ભવિષ્ય કાંઈ ન જાણે એ જાણી શકતો ન હોય તો. બધું જ જ્ઞાનમાં આવે છે માટે સ્વપરપ્રકાશક છે. કેવળજ્ઞાન થાય ત્યારે સહજ એનો સ્વભાવ જ છે. ન થાય ત્યાં સુધી અધુરું જ્ઞાન છે. પોતે પોતાના સ્વરૂપમાં રહે એટલે એને બહાર ઉપયોગ ન હોય એટલે નિર્વિકલ્પ વખતે એને બહારનો ઉપયોગ નથી. બાકી એના જ્ઞાનનો કાંઈ નાશ નથી થયો. જ્ઞાનની શક્તિ તો અમર્યાદિત છે.

✻ પ્રશ્ન : ઉપયોગાત્મક રીતે બહારનું જાણવાનું નથી હોતું ?

● ઉત્તર : નથી હોતું. ઉપયોગાત્મક નથી. બાકી એનામાં એવી શક્તિ નથી બહારનું જાણવાની એમ નથી. પ્રત્યભિજ્ઞાન જ્ઞાનપણે છે. એવો સ્વભાવ છે. ગયા કાળનું જાણે કાંઈ જ નહીં. ભવિષ્યનું કંઈ જાણે જ નહીં એવું નથી. કેવળજ્ઞાન થયા પહેલા પૂર્વનું બધું જાણે એવો એનો સ્વભાવ છે, નથી એમ નથી.

✻ પ્રશ્ન : પૂર્વનું જાણે, વર્તમાન જાણે, ભવિષ્યનું જાણે?

● ઉત્તર : બધું જાણે એવો એનો સ્વભાવ છે. તારી દિશા પર તરફ છે તે તારી દિશા ફેરવી નાખ. તારી દિશા સ્વ સન્મુખ કરી નાખ તારા સ્વદ્રવ્ય તરફ. તારી દિશા ફેરવી નાખ. બાકી કાંઈ જણાતું નથી એવું નથી. પરિણતિ પોતાની સ્વ તરફ રહી, ઉપયોગ પોતે નિર્વિકલ્પ સ્થિર સ્વરૂપમાં થયો એટલે બહારનો ઉપયોગ નથી એટલે જાણતો નથી એનો સ્વભાવ નાશ નથી થયો. અધુરું જ્ઞાન છે એટલે ક્રમે, ક્રમે જ્ઞાન જાણે છે. ઉપયોગ અંદર ઠરી ગયો એટલે બહારનું જણાતું નથી.

✻ પ્રશ્ન : ઉપયોગાત્મક સ્થિતિ જુદી અને સ્વભાવની સ્થિતિ જુદી ?

● ઉત્તર : સ્વભાવની પરિણતિ જ. એ સમ્યક્દૃષ્ટિને પોતાના અસ્તિત્વની જે પ્રતીતિ થઈ, એની જ્ઞાયકની ધારા છે. પરિણતિ જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે છે ને 'હું આ રૂપે છું અને આ રૂપે નથી', એવી પરિણતિ તો એને સહજ ચાલે છે. હું ચૈતન્ય જ્ઞાયકરૂપે છું અને આ રૂપ નથી. હું આ છું અને આ નથી.—એવી બે જાતની પરિણતિ એવું સહજ જ્ઞાન એને વર્ત્યા જ કરે છે. ઉપયોગરૂપ નથી. એ લબ્ધ, લબ્ધ એટલે એક કોર પડ્યું છે એમ નહીં. એને વેદનમાં એવું આવ્યા કરે છે હું આ છું અને આ નથી. હું જ્ઞાયક છું અને આ નથી એવું સહજ જ્ઞાન નિરંતર એને એવી જ્ઞાયકની ધારા રહ્યા જ કરે છે. સવિકલ્પ દશામાં પણ એને એવી જ્ઞાયકધારા રહ્યા જ કરે છે.

✻ પ્રશ્ન : હું પણાની જે વૃત્તિ અથવા વ્યાપાર એ સતત ચાલ્યા જ કરે છે ?

● ઉત્તર : સતત ચાલ્યા જ કરે છે 'હું આ છું અને આ નથી' એ ચાલ્યા કરે છે એમ આવે છે.

✻ પ્રશ્ન : 'હું આ છું. હું આ છું'. એની પરિણતિ ત્યાં એને સ્વપ્રકાશક એકલું ?

● ઉત્તર : સ્વ પ્રકાશક અને આ પર બે ભેગું આવી ગયું. સ્વપરપ્રકાશક છે. એની પરિણતિ સ્વપરપ્રકાશક છે. પ્રતીતિ 'હું આ છું' એમ દૃઢ છે. પ્રતીતિ નિર્વિકલ્પ પણ જે જ્ઞાનની ધારા છે કે 'હું આ છું આ નથી' એ સ્વપરપ્રકાશક છે. અસ્તિ અને નાસ્તિ બેય જ્ઞાનમાં આવી ગઈ છે. પ્રતીતિમાં 'હું આ દૃષ્ટિમાં હું આ છું, આ જ છું.' એમ જ્ઞાનની ધારા ચાલે છે. 'આ છું, સ્વપરપ્રકાશક છું.' પરિણતિ છે એવી જાતની સહજ.

✻ પ્રશ્ન : દિશા સ્વ તરફ દિશા સ્વ તરફ કરવાની એ જુદી વાત બાકી તો સ્વભાવ તો આવો જ છે ?

● ઉત્તર : સ્વભાવ તો આવો જ છે. દિશા સ્વ તરફ કરવાની છે.

✻ પ્રશ્ન : ઈ કરીને જાણવું ?

● ઉત્તર : સ્વભાવ છે. જાણવું જાણવું જે સ્વભાવ છે તે. બહાર આ જ્ઞેય એ જાણ્યું જાણ્યું એમ નહીં. જાણવાનો જે સ્વભાવ છે તે જાણનાર તત્વ છે તે જાણવું, જાણવું એમ નહીં. જાણ્યું આ જડ કાંઈ જાણતું નથી. અંદર જાણનારો જુદો છે ઈ 'જાણનારને જાણવું' જે જાણ્યા કરે છે. મૂળ તત્વ જે જાણે છે તે જાણનાર તત્વ જાણનારો જે પદાર્થ છે અત્યાર સુધીનું ગયા કાળનું કે પોતાના જીવનમાં પ્રસંગો બધા ચાલ્યા ગયા છતાં જાણનારો એમને એમ ઊભો છે. જાણનાર તત્વ છે ઈ જાણવું જાણવું જાણનારમાં જાણવું ઈ બધું જાણે છે એને જાણનારની મર્યાદા નથી. બધું જાણે એવો જાણવાનો સ્વભાવ તે જાણે.

✻ પ્રશ્ન : તે પોતાનો અજ્ઞાનથી ન જાણે ? જાણતાં એનો જ્ઞાન સ્વભાવ એને જણાઈ જાય?

● ઉત્તર : જ્ઞાન સ્વભાવ પોતાનો સ્વભાવ છે.

✻ પ્રશ્ન : જાણવાનો જ્ઞાન સ્વભાવ એટલે કઈ રીતે જ્ઞાન સ્વભાવ જણાય ? જાણવું એટલે જાણવાની વસ્તુ તો બધી જણાઈ જાય છે છતાં જ્ઞાનમાં બધું જણાય છે એટલે જાણવાનું બહારનું જ જાણે છે. બાકી જે અંદર રહ્યું તે શું રહ્યું ?

● ઉત્તર : અંદર જાણનારું તત્વ જ જાણનાર. તત્વ જ જાણનાર છે. બહારનું એ કાંઈ બધું નથી જાણતો. એ તો એનો ક્ષયોપશમ ભાવ જેટલી એની શક્તિ એટલું જાણે છે. જાણનાર બધું ક્યાં જાણે છે? જાણવાની તો અનંતી શક્તિ છે. બધું જાણતો નથી. થોડું માત્ર જાણે છે ઈ તો આ ઇન્દ્રિયનો આશ્રય લઈને, મનનો આશ્રય લઈને એમ અમુક થોડું જાણે છે. જાણે છે તે સ્થૂળ જાણે છે. ઈ કાંઈ સૂક્ષ્મ જાણતો નથી. જાણે તે ક્રમે, ક્રમે જાણે છે. એક સાથે કાંઈ જાણતો નથી. જાણનારનો મૂળ સ્વભાવ છે ઈ મૂળ સ્વભાવ રૂપે કાંઈ જાણતો નથી. જાણે છે માત્ર સ્થૂળ જાણે છે. જાણનાર તત્વ છે

ઈ જાણનારમાં જાણ્યું તે બધું નથી જાણનાર તત્વ છે એને પોતે જાણતો નથી કે જાણનાર બધું જ જાણે છે. જે જાણનાર અનંતુ જાણે છે એવો એનો સ્વભાવ છે. જે જાણનાર પોતાને જાણે છે તે જાણનાર પરને પણ જાણે છે. એવું એને બધું જાણે. બીજાથી દૂર રહીને એના ક્ષેત્રમાં ગયા વગર, પોતે પોતાના ક્ષેત્રમાં રહીને ગમે એટલો દૂર એનાથી હોય લાખો કરોડો ગાઉ દૂર હોય, તોપણ દૂર રહીને બધું જાણે એવો એનો સ્વભાવ છે. એવું ઈ જાણનાર તત્વ છે. જેને આંખની જરૂર નથી પડતી કે જેને મનની જરૂર નથી પડતી. કે જેને કાનની જરૂર નથી પડતી. કોઈ પદાર્થોની જરૂર નથી પડતી. કોઈ આંખથી દેખે કે કાનોથી સાંભળે એટલે એ જાણે કે મનથી વિચાર કરે તો જાણે એ કોઈ આશ્રયની જેને જરૂર નથી પડતી. એટલો પોતે હજારો ગાઉ જેનાથી દૂર હોય તોપણ એને જાણી શકે એવો જાણનાર તત્વ અંદર છે. જે સ્વયંમાં જાણે, પોતાના જ્ઞાન સ્વભાવથી જાણે એને ઈ બીજાને જાણે એટલા પૂરતું નહીં પોતે પોતાને જાણે, પોતાના અનંતા ગુણોને જાણે, પોતાની અનંતી પર્યાયોને જાણે, અનંતકાળમાં શું પર્યાયો થઈ અને કેવી રીતે દ્રવ્ય પરિણમ્યું અને ભવિષ્યમાં કેમ પરિણમશે એ બધું જાણે એવો જાણનાર તત્વ ઈ જાણવું એટલે એવો જાણવાનો જેનો સ્વભાવ છે ઈ જાણનાર તત્વ.

*** પ્રશ્ન : એક વિચાર આવે કે પર સન્મુખ જતાં જ્ઞાન દબાઈ જાય છે અને અંતર્મુખ જતાં જ્ઞાન ખીલી ઉઠે છે. એ શું ત્યાં આગળ કહેવું છે ?**

● ઉત્તર : જ્ઞાન પર તરફ જાય તો એક જ્ઞાનમાં રોકાઈ જાય છે. જ્ઞેયની એને એટલી મર્યાદા આવી જાય છે. જે ઉપયોગ જ્યાં રોકાણો એટલું જ એને જણાય છે. અને પોતા તરફ સ્વસન્મુખ જાય છે ત્યાં જ્ઞાનની નિર્મળતા વિશેષ થાય છે. ઈ એક ઠેકાણે રોકાતો નથી. જ્ઞાન સહજ પરિણમે છે. જ્ઞાન ખીલે છે. અંતરમાં જાય તો તે સ્વભાવરૂપે પરિણમે છે. જેમ જેમ વીતરાગદશા વધતી જાય એમ

જ્ઞાન નિર્મળ થતું જાય. જ્ઞાનનો વિકાસ થાય. ઓલું એક ઠેકાણે રોકાઈ જાય છે. જ્ઞાનની અનંતી શક્તિ છે. તે એક જ્ઞેયમાં રોકાઈ જાય.

✻ પ્રશ્ન : રોકાઈ જાય કહો કે બંધાઈ જાય કહો અને (અંતર્મુખ થાય તો) મુક્ત થઈ જાય છે ?

● ઉત્તર : મુક્ત. જ્ઞેયથી છૂટુ પડે છે ત્યાં પોતે જ સ્વયં પરિણમે છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે. જ્ઞાન પોતાની જાણવાની ક્રિયારૂપે પરિણમે છે. જેમ છે એમ પરિણમે છે. જ્યાં પોતા તરફ ગયો ત્યાં એની નિર્મળતા સ્વયં પરિણમે છે.

✻ પ્રશ્ન : જેટલા જ્ઞેયોને જાણે તો જ્ઞાન વધારે વિકસિત થતું લાગે. ખરેખર તો જ્ઞાન ત્યાં દબાઈ જાય છે. બહાર વળતાં અંતરમાં જતા જ્ઞાનની અગાધતા થઈ જાય છે ?

● ઉત્તર : જ્ઞાનની મહિમા એ જ્ઞાન પોતે પોતાના ક્ષેત્રમાં રહીને ઈ ક્ષેત્રમાં જાતું પણ નથી. પર તરફ ઉપયોગ મૂકવા જાતું નથી. પોતે પોતાના ક્ષેત્રમાં રહીને બધા જ્ઞેયોને જાણે. જ્ઞેયો એમાં એને જણાઈ જાય છે. પોતાના ક્ષેત્રમાં રહીને. ઈ કોઈ જ્ઞાનની અચિંત્ય શક્તિ છે. પોતે પોતાના ક્ષેત્રમાં રહીને આખા જગતના જ્ઞેયો એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનંત અનંત જ્ઞેયો પોતાના ક્ષેત્રમાં રહીને પોતે પોતામાં રહીને લોકાલોકને જાણે છે ત્યારે પહેલાં એને સ્વાનુભૂતિમાં એને જ્ઞાનની નિર્મળતા થાય છે. બહારનું જાણે એમ આ જાણી લે છે. ત્યારે જ્ઞાનની નિર્મળતા થાય છે.

✻ પ્રશ્ન : મૂળ તત્વને જાણનાર જ્ઞાન સ્વભાવ છે ?

● ઉત્તર : ઈ મૂળ તત્ત્વને જાણનાર જ્ઞાન સ્વભાવ છે. આ તો એને લક્ષણ ઓળખાય છે કે આટલું જે જાણે છે તે પરના આશ્રયથી જાણે છે ઈ જાણનાર એવું તત્વ છે કે સ્વયં પણ જાણે કે આંખેથી જાણે, કાનથી સાંભળે કે મનથી વિચાર એવું જે જાણે છે એ જાણનાર તત્વ એવું છે કે સ્વયં જાણી શકે છે. કોઈના આશ્રય વગર પણ જાણે.

કોઈના આશ્રયથી જાણે ઈ કાંઈ એનો સ્વતઃ સ્વભાવ ન કહેવાય. એનો સ્વતઃ સ્વભાવ તો એવો હોય જે પોતાથી જાણે. જેને કોઈના આશ્રયની જરૂર ના પડે. એવી રીતે જાણે એવો એનો જ્ઞાન સ્વભાવ છે કે પોતાથી જાણે જે જ્ઞાનરૂપે પોતાથી પરિણમે, જે આનંદરૂપે પોતાથી પરિણમે, જેને કોઈના આશ્રયની જરૂર નથી એવો એનો સ્વભાવ. એવી અનંતી શક્તિઓ એનામાં ભરેલી છે. ઈ બધી શક્તિઓને પોતે જ્ઞાનથી જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે.

✻ પ્રશ્ન : પોતાના જ્ઞાન સ્વભાવમાં જે આત્માનો આનંદ ઈ કઈ રીતે આનંદ એને ખબર પડે ?

● ઉત્તર : આનંદ તો એને વેદાય તો એટલે એને ખબર પડે. વેદનથી પોતે પોતા તરફ ઉપયોગ મૂકે. પ્રતીત કરીને પોતે એમાં લીન થાય તો એને ઈ જ્ઞાન, આનંદ વેદનમાં આવે તો જણાય છે.

✻ પ્રશ્ન : લીન થવાનો કાંઈ પ્રયોગ હશે ?

● ઉત્તર : લીન થવા પહેલાં સાચું જ્ઞાન થાય પછી સાચી લીનતા થાય. સાચું જ્ઞાન એનું મૂળ પ્રયોજનભૂત તત્વને તો જાણવું જ જોઈએ કે હું આ તત્વ પદાર્થ જાણનાર તત્વ છું. બીજું બધું હું નથી. પર પદાર્થ રૂપે હું થયો નથી અનંતકાળથી. અનંતકાળ એની સાથે રહ્યો. અનંતકાળે એ નિમિત્તોમાં બધે વસ્યો. પણ હું પર પદાર્થરૂપે થયો નથી. હું ચૈતન્ય તત્ત્વ જુદો છું, કે અનંતુ જાણે અનંતતામાં કાંઈ મર્યાદા તો આવતી નથી. તો બધું જ જાણે એમાં અજાણ્યું તો કાંઈ હોય નહીં જ્ઞાન સ્વભાવમાં. જ્ઞાયક કાંઈ શૂન્ય નથી. જ્ઞાયક તો જાણનાર છે. પણ એ રાગ કરીને ઉપયોગ બહાર મૂકવો. રાગ કરવો ઈ એને નુકશાનનું કારણ છે. રાગ કરીને ઉપયોગ બહાર મૂકવો. આત્મા સ્વ તરફ ઉપયોગ મૂકીને લીનતા કરે ત્યાં સહજપણે સ્વ અને પર બેય સહજપણે જણાય છે. નથી જાણતો— એનો અર્થ તે ઉપયોગ કરીને બહાર લક્ષ કરીને ઉપયોગમાં રાગથી જાણવું ઈ રાગ આત્માનો સ્વભાવ નથી માટે ઈ નથી જાણતો એમ

કહેવામાં આવે છે. ખરેખર નથી જાણતો તો એનો જ્ઞાનસ્વભાવ જ નથી તો. એ જડ થઈ ગયો એટલે જાણતો નથી. કેવળજ્ઞાની બધું જાણે છે. કેવળજ્ઞાન થાય ત્યારે પોતે પોતામાં વીતરાગદશાએ પરિણમે તો નિર્મળ જ્ઞાન થયું એટલે વધારે જાણે છે. પોતાના અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાય, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય અને બીજાના દ્રવ્ય, ગુણ, પર્યાય જે અનંતા દ્રવ્યો, અનંતા ચેતન, અનંતા જડ બધાના એનો ગયો કાળ, એનો ભવિષ્યકાળ, એનો વર્તમાનકાળ એક સમય સમયની પરિણતિ લોકાલોકની સમય, સમયની પરિણતિ જ્ઞાનમાં જણાય છે. એથી અનંતું હોય તો પણ જાણે છે. પણ એમાં ઈ ઉપયોગ મૂકીને જાણતું નથી. પોતાના સ્વમાં લીનતા કરીને સહજપણે જણાય છે. 'નથી જાણતું' એનો અર્થ સર્વ અપેક્ષાએ એવો નથી કે ઈ કાંઈ જાણતો જ નથી.

**✻ પ્રશ્ન : અહીંયા તો પર નિમિત્ત કઈ અપેક્ષાએ જણાય? અજ્ઞાની પ્રાણી છે એટલે પરની અપેક્ષા?**

● ઉત્તર : પોતે એકત્વબુદ્ધિ કરે છે મૂળ અજ્ઞાનદશામાં. એકત્વબુદ્ધિ નહીં કરવી એમ એનો અર્થ છે. પરને જાણવાનું હટાવવાનું નથી. પણ એકત્વબુદ્ધિ તોડવાની છે. પર સાથે 'પરને હું કરું છું. અને પર મારું કાર્ય છે.' પર સાથે કર્તા કર્મની એકત્વબુદ્ધિ તોડવાની છે. પરનું જાણવાનું કાઢી નાખું, કાઢી નાખવું એવો એનો અર્થ નથી. એનો અર્થ એકત્વબુદ્ધિ તોડવાની છે.

**✻ પ્રશ્ન : જ્ઞાનીને સમયે સમયે પોતાની જ્ઞાનની પ્રસિદ્ધિ મુખ્ય છે પરંતુ જ્ઞેયની પ્રસિદ્ધિ મુખ્ય નથી. અહા! જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જાહેર કરે છે. આ સત્યની પરાકાષ્ઠા?**

● ઉત્તર : જ્ઞેય તો બરાબર જ્ઞેયની પ્રસિદ્ધિ કરે છે (પણ તેમાં) જ્ઞાન મુખ્ય છે. જ્ઞાનની મહિમા તે મુખ્ય છે પણ જ્ઞેય તે જ્ઞેયરૂપ જ્ઞાન તે જ્ઞાનરૂપ. એનું ભેદજ્ઞાન કરવાનું છે. પણ જ્ઞેય એમાં જણાતું જ નથી એવો એનો અર્થ નથી.

**✻ પ્રશ્ન : જે સમયે જ્ઞેય પ્રતિભાસે છે જ્ઞાનમાં ઈ સમયે એને જ્ઞાનની પર્યાય જણાય છે ને, ખરેખર તો ?**

● ઉત્તર : જ્ઞાનની પર્યાય જણાય છે પણ ઓલા જ્ઞેયમાં શું ? જ્ઞેય ક્યા રૂપે પરિણમે છે? ઈ એને જ્ઞાનમાં આવે છે. અવધિ જ્ઞાની હોય એને દેવલોક, નારક બધું જણાય છે. તો એ જણાય છે. ઈ બધું જ્ઞેય છે. જ્ઞેય હોવા છતાં દેવલોક અને નરક નથી જણાતું, પણ મારું જ્ઞાન જ જણાય છે, મારું જ્ઞાન જણાય છે, એવો એને વિકલ્પ નથી આવતો. નરક કેવી જાતનું છે અને સ્વર્ગ કેવી જાતનું છે ? જે જ્ઞેય-જ્ઞેયની વસ્તુ. જ્ઞેયમાં જે જાતનું એનું પરિણમન છે એ બધું જ્ઞાનમાં જણાય છે પણ જ્ઞાન એમાં એકત્વ થાતું નથી. જ્ઞાન એનાથી જુદું રહે છે એવો એનો અર્થ છે. એમાં પણ નથી જણાતો એના ઉપર વજન આપવાનું નથી. નથી જ જણાતું એમ નહીં. પણ એનું ભેદજ્ઞાન કરવાનું છે. એમાં જ્ઞાનનો નિષેધ કરવાનો નથી પણ એકત્વ બુદ્ધિ તોડવાની છે. જ્ઞાનનો નિષેધ કરવાથી પોતાનો સ્વભાવ જ્ઞાન સ્વભાવ જ છે. સમયસારમાં આવે છે ને કે આ જ્ઞેય મારામાં આવી ગયું. કાઢી નાખો જ્ઞેય. કાઢી નાખો જ્ઞેય અંદરમાં એને આકુળતા થાય છે. ‘જ્ઞેય કાઢો’ જ્ઞેય અંદર આવતું જ નથી. જ્ઞેય ક્યાં પ્રવેશ કરે છે ? બે દ્રવ્ય જુદા. જ્ઞેય કંઈ અંદર આવતું નથી પણ પોતાની એકત્વબુદ્ધિ તોડવાની છે. જ્ઞેય જ્ઞેયમાં છે અને જ્ઞાન જ્ઞાનમાં છે એવો વસ્તુ સ્વભાવ અનાદિનો છે. જ્ઞેયમાં જ્ઞેય છે અને જ્ઞાનમાં જ્ઞાન છે. આત્મા આત્મામાં છે અને જ્ઞેય જ્ઞેયમાં છે બેય વસ્તુ અત્યંત જુદી જ છે પણ એને ભ્રાંતિને લઈને એકત્વબુદ્ધિ છે એ એકત્વબુદ્ધિ તોડવાની છે. એકત્વબુદ્ધિ તોડવાની છે સત્યની પરાકાષ્ઠા એટલે તારી એકત્વબુદ્ધિ તોડ. બેય વસ્તુ જુદી છે એવો એનો અર્થ છે. મુક્તિના માર્ગની અંદર એકત્વબુદ્ધિ તોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી ઈ પ્રયોજન છે. ‘હું જ્ઞાયક છું. અનાદિ અનંત સ્વતઃ સિદ્ધ જ્ઞાયક છું.’ ઈ જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવાની છે. એનું ભેદજ્ઞાન કરવાનું છે. એમાં જ્ઞાન અને જ્ઞેયની

એકત્વબુદ્ધિ તોડવાની છે. એમાં જ્ઞાન કાઢી નાખવાનું નથી, પણ એકત્વબુદ્ધિ તોડવાની છે. જ્ઞાન તો જેમ આગળ વધતું જાય, જ્ઞાનને એની નિર્મળતા થાય છે. વીતરાગતા થાય એટલે કેવળજ્ઞાન થાય છે. જેમ વીતરાગદશા વધતી જાય છે અંદરમાં તો જ્ઞાનની નિર્મળતા થાય છે. જ્ઞાનની નિર્મળતા તો એને કાઢી નાખે તો વીતરાગદશા થાય તો જ્ઞાનની નિર્મળતા તો થવાની જ છે. ઈ તો એનો સ્વભાવ છે. એને એકત્વબુદ્ધિ-જ્ઞેય સાથેની એકત્વબુદ્ધિ-જ્ઞેય ઉપરની દૃષ્ટિ બદલવાની છે. અંતરદૃષ્ટિ કરવાની છે. જ્ઞેય તરફ બાહ્ય દૃષ્ટિ છોડીને અંતર દૃષ્ટિ કરવાની છે. જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. પછી જ્ઞેય જ્ઞેયમાં પરિણમે અને જ્ઞાન જ્ઞાનમાં પરિણમે એ તો સહજ છે. એની વ્યવસ્થા કરવા એને રોકાવાની જરૂર જ નથી કે જ્ઞેય કેમ પરિણમે? એને જ્ઞાન કેમ પરિણમે? એની વ્યવસ્થા તો કુદરતમાં થઈ જ રહી છે. જ્ઞેય જ્ઞેયરૂપે છે અને જ્ઞાન જ્ઞાનરૂપે છે. જ્ઞાન અને જ્ઞેય બેય સ્વતઃ સિદ્ધ પરિણમે છે. પોતાની એકત્વબુદ્ધિ તૂટી એટલે એની વ્યવસ્થા તો સ્વયં સ્વતઃ થઈ રહી છે. એની વ્યવસ્થા પોતે કાંઈ કરી શકતો નથી. જ્ઞેય જ્ઞેયમાં જ પરિણમે છે. જ્ઞાન જ્ઞાનમાં જ પરિણમે છે. એકત્વબુદ્ધિને લઈને ભ્રાંતિ થઈ ગઈ છે. પોતે પોતા તરફ ઉપયોગ અને દૃષ્ટિ મૂકે તો બેય પદાર્થ જુદા છે તે જુદા જ પરિણમે છે.

*** પ્રશ્ન : જ્ઞાની અને અજ્ઞાનીના પ્રતિભાસમાં મોટો ફેર?**

● ઉત્તર : પ્રતિભાસ કરતાં એની દૃષ્ટિમાં મોટો ફેર છે. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ફેર છે જ્ઞાનીની દૃષ્ટિ સ્વજ્ઞેય 'પોતા' ઉપર છે અને અજ્ઞાનીની દૃષ્ટિ 'પર' ઉપર છે. અજ્ઞાની પરને જુએ છે. જ્ઞાની પોતા તરફ (જુએ છે) દૃષ્ટિ પોતાના આત્મા તરફ દૃષ્ટિ છે. બહારનો પ્રતિભાસ અંદર આવતો નથી. ઈ પ્રતિભાસમાં ફેર નથી પણ દૃષ્ટિમાં ફેર છે. જ્ઞેય અને જ્ઞાન જેમ પરિણમે છે એમ પરિણમે જ છે. સ્વતઃ સિદ્ધ. જુદે જુદા પરિણમે છે. બેયની દૃષ્ટિમાં ફેર છે. ઉપરથી અનંત અનંત ગુણ-જ્ઞાન એનું નામ કહેવાય કે જેને મર્યાદા

નથી. સ્વભાવ એનું નામ કહેવાય કે જેને મર્યાદા ન હોય. આટલો સ્વભાવ હોય, અને આટલું જ જાણે અને આટલું ન જાણે એવો સ્વભાવ ન હોય. માત્ર એની દૃષ્ટિથી બે પદાર્થની એકત્વબુદ્ધિ કરી રહ્યો છે. એકત્વબુદ્ધિ તોડીને પોતે પોતાના સ્વભાવમાં જાય, સ્વભાવની દૃષ્ટિ કરે, જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે છે. એમાં સ્વતઃ એને જે નિર્મળતા જ્ઞાનની સ્વતઃ જણાય છે. એ જણાય એટલે એને કાંઈ જ્ઞેયની મહિમા નથી આવતી. પોતાના સ્વભાવનો જ મહિમા આવે છે. એ તો સ્વતઃ સિદ્ધ જ્ઞાન અને જ્ઞેય પરિણમે જ છે.

**✻ પ્રશ્ન : અખંડ જ્ઞાનનું હોય. જ્ઞાની છે એ ભેદ પાડીને નથી જાણતા અખંડ પોતાના જ્ઞાનને જ જાણે છે ?**

● ઉત્તર : જ્ઞાનીની દૃષ્ટિમાં અખંડ જાણે છે. જ્ઞાનમાં બધું જ જાણે છે. દ્રવ્ય શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? જ્ઞાન બધાનું કરે છે પણ દૃષ્ટિ એક અખંડ ઉપર રાખે છે. એમાં ભેદ નથી એટલે વસ્તુમાં લક્ષણ ભેદે અનંતા ગુણો છે, એની પર્યાયો છે. એમાં અંશ છે. એમાં અનંતા ગુણો છે. પર્યાયો ક્ષણે ક્ષણે પરિણમે છે. એમાં અનંતા ગુણો છે. એના લક્ષણ ભેદે ભેદ છે. વસ્તુ ભેદે નથી. એ વસ્તુને જેમ છે એમ એ દૃષ્ટિમાં જાણે છે. જ્ઞાનમાં બધું એને ખ્યાલ છે કે લક્ષણથી અનંતા ગુણો ચૈતન્યના છે એના લક્ષણ જુદા. એની પર્યાયો છે. બધું જ્ઞાનમાં જાણે છે. દૃષ્ટિમાં એક અખંડ વસ્તુને જાણે છે દૃષ્ટિ એક અખંડ ઉપર છે. દૃષ્ટિ જોઈને જ્ઞાન કાંઈ કામ કરતું હોય તો વસ્તુ શૂન્ય થઈ જાય. એમાં કાંઈ છે જ નહીં પછી. જ્ઞાનમાં બધું છે. દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર છે. દૃષ્ટિ એક અભેદ ઉપર છે.

✻ ભક્તિ : પ્રદેશ ભેદ પર્યાયથી અન્યત્વ મારું એમ છે.
પર જાણતો વ્યવહારથી, સ્વ એક મારું જ્ઞેય છે.

**✻ પ્રશ્ન : જ્ઞેય આકારને બદલે જ્ઞેયાકાર રૂપ જ્ઞાન પરિણમે છે એ તો જ્ઞાનીને એકરૂપ જ રહે છે જ્ઞાન. એ તો જ્ઞેયાકારરૂપ નથી થતું ને? ભિન્ન ભિન્ન?**

● ઉત્તર : એની દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર છે એટલે જ્ઞાયક જ્ઞાયકરૂપે જ રહે છે. જ્ઞાયક છે જ્ઞેય જ્ઞેયાકારરૂપે એ જ્ઞેયમાં એકત્વ થાતું નથી. જ્ઞેયાકાર. એનું જ્ઞાન જ્ઞાયક રૂપે જ રહે છે. જ્ઞાયક જ્ઞેયથી જુદો જ રહે છે. ભેદજ્ઞાનની ધારા છે એટલે જ્ઞાયક જ્ઞાયકરૂપે અને જ્ઞેય જ્ઞેયરૂપે. બે ધારા એની જુદી જ રહે છે. બે ધારા એની જુદી જ પરિણમે છે. એમાં એને વિચાર કરવો નથી પડતો. ઈ તો સહજ રહે છે. જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં જ્ઞાયક જ્ઞાયકરૂપે અને જ્ઞેય જ્ઞેયરૂપે જુદું તે જુદું જ છે. અને ચૈતન્ય જુદો તે ત્રિકાળ જુદો જ છે એને ક્યાંય જ્ઞેયાકાર કે જ્ઞાનાકાર એવો વિચાર નથી કરવો પડતો. સહજ રહે છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે. જ્ઞેય જ્ઞેયરૂપે.

✻ પ્રશ્ન : અનુભૂતિના કાળે આત્માની જ્યારે દૃષ્ટિ પોતામાં હોય ત્યારે પોતામાં એકાકાર થાય ત્યારે પરનું પણ એને એ વખતે જ્ઞાન થાય છે? એટલે કે સ્વનું જ જ્ઞાયક ચિદાનંદ જ્ઞાયક એનું જ એ વખતે તો જ્ઞાન થાય કે પરનું પણ જે વખતે જ્ઞાન થાય? ઉપયોગ તો અંદર છે. અનુભૂતિના કાળે? પરનું તો એ વખતે જ્ઞાન ન હોય ?

● ઉત્તર : પર તરફ ઉપયોગ નથી. શુદ્ધ આત્મા તરફ ઉપયોગ છે. પોતાની સ્વાનુભૂતિ સ્વ તરફનો વેગ છે માટે સ્વ તરફનું જ્ઞાન છે. પર તરફનું જ્ઞાન—એ તરફ ઉપયોગ નથી. એ બધું એને ગૌણ થઈ ગયું છે. છૂટી ગયું છે. પર તરફના વિકલ્પ બુદ્ધિપૂર્વકના છૂટી ગયા છે. પર એ તરફ નથી પર તરફ ઉપયોગ જ નથી. પોતાની સ્વાનુભૂતિમાં ઉપયોગ છે.

✻ પ્રશ્ન : સાધક દશામાં દૃષ્ટિ સ્વમાં પડી હોય પણ સાધક-દશામાં બે જ્ઞાન થાય? સ્વ અને પરનું?

● ઉત્તર : સ્વાનુભૂતિ કાળે નથી. અનુભૂતિ કાળે વિકલ્પ છૂટી ગયો છે.

✻ પ્રશ્ન : અનુભૂતિને કાળે ન હોય અને અનુભૂતિથી બહાર આવ્યો એ વખતે?

● ઉત્તર : એ વખતે તો બધું જ્ઞાન હોય એ વખતે તો જ્ઞાયકની પરિણતિ છૂટી પરિણમે છે. જ્ઞાયકની. એની સાથે બહાર ઉપયોગ જાય છે. બધો ખ્યાલ છે સ્વ અને પર બેયને જાણે છે. પોતાને જ્ઞાયકને જાણે છે અને વિભાવને જાણે છે. જે જે વિકલ્પ આવે બધાને જાણે છે.

* પ્રશ્ન : જાણે છે તદાકારે તો જ્ઞાયક જાણનાર તરીકે છે એટલું જ સમકિતીને–સમ્યક્‌દૃષ્ટિને ?

● ઉત્તર : એકત્વબુદ્ધિ નથી. ભેદજ્ઞાન વર્તે છે ક્ષણે ક્ષણે.

* પ્રશ્ન : અનુભૂતિનો કાળ સ્વપરપ્રકાશક આત્માનો જ્ઞાયકનો ગુણ છે એ વખતે 'પર પ્રકાશક હવે હું નથી'. એ પ્રમાણેનું જ્ઞાન તો વર્તી રહ્યું છે ?

● ઉત્તર : એ વખતે એનો ઉપયોગ ત્યાં નથી. સ્વભાવ તો છે સ્વપરપ્રકાશક. ઈ કાર્યમાં ઉપયોગ સ્વ તરફ છે ને છદ્મસ્થ છે ને. કેવળજ્ઞાનીને નિર્મળતા થઈ ગઈ છે એટલે સ્વપરપ્રકાશક પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. છદ્મસ્થનો ઉપયોગ એક વખતે એક તરફ જ કામ કરે છે. એટલે સ્વાનુભૂતિના કાળે જે સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે ઈ સ્વભાવનો નાશ નથી થયો. ઉપયોગ એનો સ્વ તરફ છે. ઈ જ્ઞાનનો નાશ નથી થયો, એને લબ્ધમાં છે, એની શક્તિમાં છે. નાશ નથી થતો. છદ્મસ્થનો ઉપયોગ એક વખતે એક તરફ જ હોય છે.

* પ્રશ્ન : પરનું જ્ઞાન તે વ્યવહાર અને સ્વનું જ્ઞાન તે નિશ્ચય. તો પરનું જ્ઞાન તે વ્યવહાર એટલે ઠામકું (જરાપણ) પરને જાણતો જ નથી?

● ઉત્તર : સ્વપરપ્રકાશક જ્ઞાન છે. આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પોતે પોતામાં દૃષ્ટિ કરે, પરને ઇચ્છાપૂર્વક જાણવું. અનંતકાળથી ભિન્ન પોતે જ્ઞેય તરફ દૃષ્ટિ કરે છે એટલે જ્ઞેય નિમગ્ન થાય છે. તે જ્ઞેય નિમગ્ન થાવું એ આત્માનો સ્વભાવ નથી. આત્માએ આત્માને ઓળખી લેવો. જ્ઞાનસ્વભાવ જ્ઞાયક તરફ દૃષ્ટિ કરવી એમાં

સહેજે જણાઈ જાય છે. પોતે પોતામાં જાણે. સ્વને જાણે, ભેદજ્ઞાનની ધારા પ્રગટે. 'હું પોતે અસ્તિ સ્વરૂપ છું ને પર મારામાં નથી.' એવી જાતનું જ્ઞાન એને સહેજે સહજ હોય છે. એને સહજ આવી જાય છે. 'હું મારા રૂપ, અસ્તિ સ્વરૂપ છું અને પરરૂપ નથી'. એને જ્ઞેયને જોવા જવું પડતું નથી. પોતે પોતાને જાણતાં પર જણાઈ જાય છે. પોતે પોતાના સ્વભાવમાં દૃષ્ટિ કરે અને સ્વભાવનું ધ્યાન કરે તો એમાં નિર્વિકલ્પ દશામાં તો ઉપયોગ પોતામાં જ રહે છે. એટલે છદ્મસ્થનો ઉપયોગ તો બહાર જાય ત્યારે જાય છે. અંતરમાં ઉપયોગ હોય ત્યારે પોતે પોતાને જાણે છે. બહાર ઉપયોગ ન હોય ત્યારે દૃષ્ટિ. અને અંતરમાં જેટલી પરિણતિ પ્રગટ થઈ છે એ સ્વપૂર્વકનો ઉપયોગ બહાર જાય છે. પરને જાણવા અને સ્વને જાણવા પૂરો છે. અજ્ઞાની એકલો પરજ્ઞેયમાં હોય છે અને જ્ઞાયક દશામાં પોતે પોતાના સ્વભાવની ધારામાં પોતે પોતાને જ જાણતાં ઉપયોગ બહાર હોય ત્યારે પર સહેજે જણાય છે. એમ કે હું જ્ઞેય નિમગ્ન થાતો નથી. પોતે જ્ઞાયક રહેતો પરને જાણે છે એમ કરતાં કરતાં સ્વાનુભૂતિની દશા વધતાં વધતાં પોતાને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે સ્વપરપ્રકાશક જ્ઞાન ઈ સહજ થઈ જાય છે. એટલે પોતે પોતાના આત્મામાં લીનતા કરતો કરતો એને સહેજે લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. સહજ છે. ત્યાં ઉપયોગ દેતો નથી. જાણવા તરફ રાગ કરતો નથી પણ એને સહજ જણાઈ જાય છે. સ્વપર પ્રકાશક જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. પણ એમાં એને રાગ કરી અટકી જાય કે કાંઈ જ્ઞેય નિમગ્ન થાય ઈ એનો સ્વભાવ નથી. પોતે પોતાને જાણે. એકને જાણે તે સર્વને જાણે. એકને જાણવાથી બધું જણાઈ જાય. એકને જે નથી જાણતો તે કાંઈ નથી જાણતો. એકલા જ્ઞેયો જાણીને કાંઈ નથી. સ્વને જાણતાં સહજપણે બધું જણાઈ જાય છે. કેવળજ્ઞાનીની દિવ્ય ધ્વનિ છૂટે એને સ્વપરપ્રકાશક સહજ હોય છે. એ જોવાનું જ નહીં પણ સહજ અનંતા દ્રવ્યો, અનંત ક્ષેત્રો, અનંતો

કાળ અને અનંતો ભાવ. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સહજ જાણે છે. એમ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગયા કાળના દ્રવ્ય આ શું પરિણમન કર્યું. વર્તમાનમાં શું થશે? ભવિષ્યમાં શું થશે? ઈ બધું જ્ઞાન કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જણાય છે. ઈ જોવાનું છે. પ્રવચનસારમાં બધું લખ્યું છે. ભૂત, વર્તમાન, ભવિષ્યનું બધું જ્ઞાન કેવળજ્ઞાનમાં જણાય છે. જોવા નથી જાતો. સ્વને જાણવું એ નિશ્ચય, પરને જાણવું વ્યવહાર છે. કારણ કે પર છે. પોતે પોતામાં એકત્વ થઈને પોતાને જાણે છે. અને પરને એકત્વ થઈને નથી જાણતો. એનાથી દૂર રહીને જાણે છે એવો એનો સ્વભાવ છે. એમાં પ્રવેશતો નથી, એને જોવા જાતો નથી. પણ દૂર રહીને જાણે છે. એવો એનો સ્વભાવ છે એવી એની સહજ પરિણતિ છે. જ્ઞાન તો જ્ઞાન શેનું? જો જ્ઞાનમાં કાંઈ પણ છાનું રહે તો ઈ જ્ઞાન જ નહીં. જ્ઞાન સ્વભાવ એવો હોવો જોઈએ કે અનંત જાણે. જે સ્વભાવને મર્યાદા ન હોય. આત્માનો જ્ઞાન સ્વભાવ છે. તો એ મર્યાદારૂપ નથી. એવો અનંતો સ્વભાવ. એવો એનો આનંદ સ્વભાવ અનંત કાળથી પરિણમન કરે છે. એવો એનો જ્ઞાન સ્વભાવ છે એમાં કાંઈ છાનું રહેતું નથી, પણ એને રાગ નથી. એનાથી જુદો રહીને જાણે છે. એ એનો સ્વભાવ છે.

**✻ પ્રશ્ન : માતાજી ! ગુરુદેવના પ્રવચનમાં ક્યારેક એમ આવે છે કે પરને જાણવાકાળે તું પરને જાણતો નથી. તું તો તારા જ્ઞાનની પર્યાયને જ જાણે છે.**

● ઉત્તર : નિશ્ચયથી પોતે સ્વ તરફ જુએ એમ કે તું પરને નથી જાણતો. એ કહેતાં એમ કહે છે કે જ્ઞેય નહીં પણ તારા જ્ઞાનનો સ્વભાવ આવો છે. તારો જ્ઞાનનો સ્વભાવ બધે પહોંચી વળવાનો છે. એટલે તું તારા જ્ઞાનને જાણ. એમ શું કામ કરે છે કે હું જ્ઞેયને જાણું? તારી જ્ઞેય નિમગ્ન દૃષ્ટિ છોડી દે. તું જ્ઞેયની નિમગ્નતા છોડી દે. ગુરુદેવને એમ કહેવું છે. તું સિદ્ધને નથી જાણતો. એટલે કે તું તારા જ્ઞાનને જાણે છે. એટલે એને નથી જ જાણતો? એમ ગુરુદેવને

કહેવાનો આશય એમ છે કે તું તારા જ્ઞાનથી બહાર નથી જાતો તું જ્ઞેયમાં નિમગ્ન નથી થાતો. તું તને જાણે છે એમ.

✻ પ્રશ્ન : મારો એવો પ્રશ્ન છે આપણે જે આ બધું જણાય છે પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાના સામર્થ્યથી જણાય છે ને?

● ઉત્તર : પોતાથી જણાય છે જ્ઞેય છે તે. પરાણે જણાવતું નથી. (એટલે આપણને આ પરને?) પોતાના જ્ઞાન સ્વરૂપ છોડીને બહાર નથી જાતો. પોતાના જ્ઞાનને જાણી રહ્યો છે. જ્ઞેયને નથી જાણતો. જ્યારે નિશ્ચયને મુખ્ય કરીને કહેવાય ત્યારે ભૂતાર્થ દૃષ્ટિની મુખ્યતાએ હેતુ તને જાણે છે. પરને નહીં. પણ એટલે ગુરુદેવ એમ કહેતા હતા. અનેક શાસ્ત્રમાં આવે છે કે ભૂતાર્થ દૃષ્ટિને મુખ્ય કરો ત્યારે ઓલું અભૂતાર્થ કાંઈ ગધેડાના શિંગડા જેવું નથી. એ કાંઈ આકાશના ફૂલ જેવું નથી. અભૂતાર્થ છે તે આકાશના ફુલ જેવું નથી, ગધેડાના શિંગડા જેવું નથી. તું તારા જ્ઞાનને જાણે છે. ભૂતાર્થ નયથી એમ કહેવાય કે તું તારા જ્ઞાનને જાણે છે. પણ ઈ દૃષ્ટિ એમ કહેવાય કે તું જ્ઞેયને નથી જાણતો. જ્યારે એમ કહેવાય કે દ્રવ્યદૃષ્ટિએ આત્મા શુદ્ધ છે. ત્યારે એમાં કર્મ નથી, એમાં વિભાવ નથી. (દ્રવ્યદૃષ્ટિએ) વિભાવ જડ છે, વિભાવ ચૈતન્ય નથી એમ કહેવાય. જ્યારે પર્યાયદૃષ્ટિએ વિભાવ ચૈતન્ય નથી? વિભાવ કાંઈ જડમાં નથી થતા. મોક્ષ જો તારામાં ન થાતો હોય તો મોક્ષ કરવો કોનો? મોક્ષમાર્ગ શેનો? સાંભળવું શેનું? ઈ તો દ્રવ્યદૃષ્ટિએ એમ કહેવાય કે આ રાગ-દ્વેષ જડના છે. જડના છે એટલે તો તારે પુરુષાર્થ કરવાનો રહ્યો નહીં પણ એટલે વિભાવ ભૂતાર્થ નય છે એ ગધેડાના શિંગડા જેવું નથી. આકાશના ફુલ જેવું નથી. તારામાં વિભાવ થાય છે. એ તારું જ્ઞાન જાણે છે (એમ માનીશ) તો તારો પુરુષાર્થ ઉપડશે. એટલે ભૂતાર્થ દૃષ્ટિએ એમ કહેવાય કે તું તારા જ્ઞાનને જાણી રહ્યો છે. જ્ઞેય નથી જાણતો, ફૂલને નથી જાણતો એમ કહેવાય. એટલે સ્વને જાણે છે ઈ ખોટું છે એમ નથી. જ્ઞેયને નથી જાણતો તો આ બધું લોકાલોકનું જ્ઞાન

જે શાસ્ત્રમાં આવે છે કે જે જાણી રહ્યો છે. એ બધી વાત ખોટી પડે જે મોક્ષમાર્ગ ખોટો પડે એમ બધી વાત ખોટી પડે એમ નહીં. ભૂતાર્થ દૃષ્ટિની મુખ્યતાએ કહેવાય તું તારા જ્ઞાનને જાણે છે. એટલે ઓલો વ્યવહાર છે એને અભૂતાર્થ કહેવાય પણ ગધેડાના શિંગડા કે આકાશના ફૂલ જેમ કહેવા માત્ર નથી પણ નયથી છે ઈ જાણવા જેવું છે. માણસને માણસ નથી જાણતો. તું આ મકાનને મલિનરૂપ નથી જાણતો? મારું જ્ઞાન જાણું છું. પરને નહીં, સ્વને જાણું છું ઈ ભૂતાર્થ દૃષ્ટિએ કહેવાય, એટલે એમાં વ્યવહારદૃષ્ટિએ એમ જ કહેવાય. એમાં અનંતા દ્રવ્ય જણાય, જ્ઞેય જણાય, જડ જણાય, એનાં દ્રવ્ય, ગુણ, પર્યાય જણાય, ગયો કાળ, વર્તમાન જણાય, ભવિષ્ય જણાય એટલે ગધેડાના શિંગડા જેવું છે? કાંઈ નથી જણાતું? તો જ્ઞેયો જ જગતમાં નથી એમ થઈ જાય.

*** પ્રશ્ન : (જ્ઞેયો) ભિન્ન છે તો ખરા ?**

● ઉત્તર : ઈ તો ભૂતાર્થ દૃષ્ટિએ. મુખ્યતાએ કહેવાય. ઓલી વાત ગધેડાના શિંગડા જેવી લાગે છે કે અશુદ્ધતા આત્મામાં થાય છે કે નથી જ થાતી? તો તો મોક્ષ કોનો કરવો? પુરુષાર્થ શેનો કરવો? વિભાવ શેનો ટાળવો? અને મુનિ દશા આવે, સમ્યક્દર્શન થાય એ બધી પર્યાય બધું ખોટું? એ રીતે બે નયથી છે. આ ભૂતાર્થ દૃષ્ટિની મુખ્યતાએ એમ કહેવાય પોતે લક્ષમાં લે કે હું જ્ઞાનને જાણું છું પણ ઓલું (પર) નથી એમ નહીં. દૃષ્ટિની મુખ્યતા કહેવાય કે જ્ઞાનમાં બધું જાણવું.

*** પ્રશ્ન : દૃષ્ટિની મુખ્યતા કરીએ ત્યારે પરનું જ્ઞાન ગૌણ થઈ જાય ?**

● ઉત્તર : ઈ ગૌણ થઈ જાય. જ્ઞાનમાં તો બેય પડખા જાણવા જોઈએ. દૃષ્ટિની મુખ્યતાએ દ્રવ્ય એકલું શુદ્ધ છે. દ્રવ્યમાં અશુદ્ધતા નથી, દ્રવ્ય પૂર્ણ છે એમાં વિભાવ થયો જ નથી. દ્રવ્યમાં કેવળજ્ઞાન થયું છે. દ્રવ્યમાં પારિણામિકભાવ સ્વરૂપે છે. ઉદયભાવ સ્વભાવ,

ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, ઈ પર્યાય પૂરતી ભેદની વાત છે એમ કહેવાય. ત્યારે શું ક્ષાયિક ભાવ નથી પ્રગટતો? સાધક દશા નથી હોતી? એમ બધું જ્ઞાનમાં જાણવું. નિશ્ચય વ્યવહારની સંધિ જ્ઞાનમાં છે. જેને જેટલું વજન હોય તેટલું અપાય. બાકી સ્વની દૃષ્ટિમાં પોતે અનંતકાળથી જ્ઞેય નિમગ્ન થઈ ગયો છે માટે તું જ્ઞાન નિમગ્ન થા. તું તારા ઉપર દૃષ્ટિ કર. તારા ગુણો ઉપર દૃષ્ટિ કર. 'મારું જ્ઞાન બધે પહોંચી વળવાનું છે. મારા જ્ઞાનમાં અનંતુ સુખ છે. મારું દ્રવ્ય પરમાં એકમેક થાતું નથી. મારું જ્ઞાન પરમાં એકમેક થાતું નથી.' એમ તું દૃષ્ટિ કર પણ ઓલું છે જ નહીં, જ્ઞેય જણાતું જ નથી એમ નહીં.

**✻ પ્રશ્ન : ઓલું છે જ નહીં એમ નહીં. ઓલાનું જ્ઞાન નથી.**

● ઉત્તર : (પરનું) ઓલાનું જ્ઞાન ઈ અભૂતાર્થ દૃષ્ટિએ, જ્ઞેય-ગંધ ગંધરૂપે જણાય છે. સુગંધ સુગંધ જણાય છે. દુર્ગંધ દુર્ગંધરૂપે. હું સુગંધને જાણતો નથી. પણ હું જ્ઞાનને જાણું છું. પણ સુગંધની ધ્વનિ ક્યાંથી આવી? સુગંધ જ્ઞેય ન હોય તો સુગંધની ધ્વનિ ક્યાંથી આવી? સુગંધ જણાણી કે પછી સુગંધ જણાતી નથી? (જ્ઞાનમાં જણાણું) તો મેં જ્ઞાન જાણ્યું તો એમ કહેને કે 'હું જાણવારૂપે છું.' જ્ઞાને જ્ઞાનને જાણ્યું, જ્ઞાને જ્ઞાનને જાણ્યું. પણ એમાં સુગંધ શબ્દ ક્યાંથી આવ્યો? વાચ્ય ક્યાંથી આવ્યું? એ જ્ઞેય નથી થયો એ ક્યાંથી આવ્યું? મકાનને નથી જાણતો, પણ મકાન એ ક્યાંથી આવ્યું? જ્ઞાને જ્ઞાનને જાણ્યું પણ મકાન શબ્દ ક્યાંથી આવ્યો? કાંઈ આત્મામાં મકાન નથી. મકાન શબ્દ મકાનમાંથી જ આવ્યો. જાણું છું મકાનને, પણ મકાન નથી જાણતો, જાણું છું જ્ઞાનને. જ્ઞાન મકાનરૂપ, જ્ઞાન મકાનને નથી જાણતું પણ મકાન જણાણું કે આવા આકારનું છે, ઈ ધ્વનિ ક્યાંથી આવી જો મકાન નથી આવતું જ્ઞાનમાં તો?

**✻ પ્રશ્ન : અમારું કહેવાનું એમ છે કે અરીસો હોય એમાં ચકલું દેખાણું ઈ તો અરીસાનો આકાર છે ને? એમ આપણને ધારો કે સુગંધ જણાય તો?**

ઉત્તર : અરીસાનો આકાર છે. પણ ચકલાનો આકાર એમાં ક્યાંથી આવ્યો ? ચકલાનો આકાર નથી. ભલે અરીસાની પર્યાય છે. અરીસો નહીં એકલો હોય તો સ્ફટિક જેવો છે. એ બધી પર્યાયો છે. પર્યાયોનો આકાર છે. હવે આકાર સામે કાંઈ નિમિત્ત છે કે નહીં? નિમિત્ત તો છે, નિમિત્ત (નિમિત્ત છે બરોબર ઓલું તો પોતાની ઉપાદાન શક્તિથી) એકત્વ તો થાતું જ નથી. એમાં કાંઈ આકાર આવ્યો કાંઈ નિમિત્ત છે કે નહીં? નિમિત્ત છે, નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે નહીં? અરીસો ચકલાના આકારરૂપે પરિણમ્યો. ચકલું એમાં નથી બરાબર. પણ નિમિત્ત ચકલાનું છે કે નહીં ? ચકલું નથી તો અંદર, મકાન આવે તો મકાન આવે. મકાનના વાસણ આવે તો ઈ આવે. જે આવે તે નિમિત્ત તો અંદર છે કે નહીં? નિમિત્ત છે કે નહીં? જ્ઞેય સામું છે કે નહીં? એકલો અરીસો હોય તો કાઢી નાખો અંદરથી તો કોઈ ધ્વનિ જ ન રહે, મકાનની ધ્વનિ કે ચકલાની ધ્વનિ કે ફોટાની ધ્વનિ, સ્ફટિકની ધ્વનિ કાંઈ રહે જ નહીં. એકલો અરીસો. એકલો જ્ઞાનરૂપ. શું કામ એવા ભેદ પડે? સામે નિમિત્ત જ ન હોય તો?

**✻ પ્રશ્ન : નિમિત્ત તો એનામાં છે પણ ઓલું તો પોતાની જ્ઞાનાકારે પર્યાય છે. જ્ઞાનાકાર પોતાથી પરિણમે ?**

● ઉત્તર : જ્ઞાનાકાર ભલે જ્ઞેયાકાર ન થાય. જ્ઞાનાકાર રહે પણ કાંઈ નિશ્ચય અને વ્યવહાર કાંઈ છે કે નહીં? ઈ તો છે ને? ઈ કાંઈ ગધેડાના શીંગડા જેવું નથી. ખોટું છે, ચકલાનો આકારને એ ખોટું છે. મકાનનો આકાર ખોટો છે. (હા ઈ છે, ખોટું નથી.) નિમિત્ત કાંઈ ખોટું છે ? નિમિત્તે કાંઈ કર્યું નથી. (નિમિત્ત છે ને? નિમિત્ત તો છે ને? બે તો છે જ નહીં.) એકલો છે? નિશ્ચય, વ્યવહારની સંધિ છે. હું શુદ્ધ છું. આ અશુદ્ધ ઈ બે સંધિ લેવાની, એક છું અને અનેક છું સંધિ કરવી મુશ્કેલ છે. જ્ઞાન અને જ્ઞેયની સંધિ કરવી મુશ્કેલ છે. નિમિત્ત છે.

✽ પ્રશ્ન : નિમિત્ત છે એ તો ભૂલ છે. બેય વસ્તુ છે, જગતમાં એને કેમ ભૂલાય ?

● ઉત્તર : જ્ઞેય નિમગ્ન ન થાય. જ્ઞાન આકારરૂપ છે. જ્ઞેય આકાર નથી. તું સ્વ તરફ દૃષ્ટિ કર. જ્ઞેય તરફની દૃષ્ટિ ફરી જવી જોઈએ તારી. 'હું ચૈતન્ય છું, આત્મા છું, જ્ઞાયક છું, હું રાગ નથી, દ્વેષ નથી. રાગદ્વેષના જ્ઞેયો, જે દેખાય તે રૂપ હું નથી'. એની એકત્વબુદ્ધિ તોડ, સ્વમાં જા, ભેદજ્ઞાન કર. તારી દૃષ્ટિ સ્વ તરફ કર. 'હું જ્ઞાયક છું. હું જ્ઞાયકને જાણું છું. પર તરફ નથી જાતો.' પણ પર નથી જ? શું નિમિત્ત પણ નથી? તો તો પછી એક થઈ જશે. સાધક દશા કેવી રીતે થાશે? એની સંધિ કર. એને મુખ્ય રાખ. ગૌણને ગૌણ રાખ. મુખ્ય તારી ભૂતાર્થ દૃષ્ટિ દૃષ્ટિની મુખ્યતા રાખી ગૌણને ગૌણ કર. ગધેડાના શીંગડા જેવું નથી. ભૂતાર્થ દૃષ્ટિ એમ કહેવાય તું તારા જ્ઞાનને જાણે છે, પરને નહીં. ઈ વાતનું આખું લઢણ આવે ત્યારે એમ જ આવે. તું પરને નથી જાણતો. તું ગંધને નથી જાણતો. (તારા જ્ઞાનને જાણે છે. તું મકાનને નથી જાણતો.) એનું આખું લઢણ ભૂતાર્થ દૃષ્ટિએ આવે છે. પણ એટલે નિમિત્તને કાંઈ ઉડાડી દેવાય નહીં. ને નિમિત્ત તો હોય છે. સ્વપરપ્રકાશક જ્ઞાન છે.

✽ પ્રશ્ન : ક્યારેક એમ આવે ગુરુદેવ એમ કહે કે પર્યાય ઈ જ પર ?

● ઉત્તર : ઈ આખી અપેક્ષા જુદી. ઓલું પર અને આ પર એમાં ફેર છે. આ તો સ્વમાંથી નીકળેલી પર્યાય પોતે ને પોતે છે. એમાં પાછા ભેદ પડે. એ ભેદની અપેક્ષાએ. ઓલા પરદ્રવ્યની અપેક્ષાએ. આ તો ભેદ પડ્યા ને? ગુણોના ભેદ અને પર્યાયના ભેદ છે. ભેદ પડ્યો ઈ પર. પોતે અભેદ. તું એકલો અભેદ. એમાં ભેદના વિકલ્પ થાય ઈ પર. ભેદ વિકલ્પ પર. ઈ અપેક્ષા જુદી. એમાં રોકાઈશ નહીં—પર્યાયના ભેદોમાં. દૃષ્ટિ અપેક્ષાએ રોકાઈશ નહીં. પર્યાય પર એટલે કાંઈ પરદ્રવ્ય નથી થઈ જતી. સ્વભાવમાંથી

આવેલી પર્યાય છે. એનું વેદન તને આવે છે. જો ઈ પર હોય તો વેદન શેનું હોય ? પરનું કાંઈ વેદન હોય? માટે ઈ દૃષ્ટિ અપેક્ષાએ કહેવાય છે. તારા ચૈતન્ય સ્વરૂપ છે. પણ દૃષ્ટિ અપેક્ષાએ જેટલાં ભેદ પડે એ બધું પર. પર્યાય ભેદ, વિકલ્પ ને પર્યાય થાય બધું પર. પર્યાય અને ગુણ ભેદ અને પર્યાય બધું પર. ઈ તો કળશ ટીકામાં પણ આવે છે જેટલા ભેદ વિકલ્પ આવે એ બધું પર, પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું પર. ઈ અપેક્ષા સમજવી જોઈએ. વેદન તારું છે. પરની અપેક્ષા જુદી છે. એના બે કટકા પાડીશ તો સાધક દશા કઈ રીતે રહેશે? પર્યાય જુદી, ગુણ જુદો, પછી સાધના તારે શેની કરવી છે હવે? સાધક દશા બધું છૂટુ પડી ગયું. ગુણના તો બધા ગુણ, પર્યાયના કટકા, પર્યાય એ ગુણ થઈ ગયો. ગુણ જુદો પડી ગયો. બધું જુદું. હવે સાધના કોની કરીશ? અપેક્ષા સમજવી પડશે. દૃષ્ટિ જે સાધકની હોય છે. દૃષ્ટિ તો એમને એમ હોય છે. જ્ઞાન બેય તરફ જાય છે છદ્મસ્થનું. એ પર્યાયને પણ જાણે દ્રવ્યને પણ જાણે. જ્ઞાનને જાણે ને એના પોતાના દ્રવ્યને જાણે ને પર્યાય જાણે. બહાર પદાર્થને જાણે. બધું જાણે, પણ જાણે એ છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક તરફ હોય છે. અને કેવળજ્ઞાની એક સમયની અંદર બધું જાણે. (આપોઆપ?) એની પરિણતિ જ એવી છે. (પરિણતિ એવી છે.)

✻ પ્રશ્ન : પોતાના ત્રિકાળી સ્વભાવને પણ જાણે ?

● ઉત્તર : હા. પોતાને પણ જાણે ને પરને પણ. દરેકને જાણે એવો એનો નિર્મળ સ્વભાવ છે. એક સમયની અંદર બધું જાણી લે. કેવળજ્ઞાન શું ન જાણે? બધું જાણે. અનંત અનંત શક્તિથી ભરેલો એનું જ્ઞાન અનંત. જ્ઞાન જો પુરું ન જાણે તો એ જ્ઞાન જ નથી. જ્ઞાન જો ન જાણે તો એ જ્ઞાન જ નથી. જ્ઞાન તો પરિપૂર્ણ છે બધું જાણે, પોતાને જાણે, પરને જાણે. એને વેદન એમ રહે છે કે હું મારા સ્વભાવને પણ જાણું છું. અને બીજાને પણ જાણું છું. ઈ જ્ઞાન જ્ઞાનને જાણે. ઈ જાતનું એ વસ્તુસ્થિતિએ જ્ઞાન જ્ઞાનને જાણે. છતાં એને

વેદનમાં એમ આવે છે કે હું આ લોકાલોકને જાણું છું અને મારા સ્વભાવને પણ જાણું છું અને એક સમયમાં બેય જાણે છે બધું જાણે એમાં પોતે પણ આવી ગયો. પોતે આવી જાય છે પોતે નથી આવતો? પોતે તો પહેલાં આવે છે.

✻ પ્રશ્ન : હવે એમ કહે લોકાલોકને તો વ્યવહારથી એ અપેક્ષાએ બરાબર છે કે જ્ઞાન પરને જાણતું નથી ઈ અપેક્ષાએ બરાબર છે. એ વ્યવહારથી જાણે કારણ કે એમાં તન્મય થઈને નથી જાણતો પણ જાણે છે તો વાસ્તવિક. વાસ્તવિક જાણે છે. ઉપચાર માત્ર જાણતો નથી કાંઈ? વ્યવહાર એટલે પર દ્રવ્ય છે માટે. વ્યવહારનો આપણે અર્થ કરીએ છીએ કે આ તો માત્ર ઉપચાર છે.

● ઉત્તર : ઉપચાર એટલે ખોટું એવો અર્થ નથી. ઉપચાર એટલે ખોટું એવો અર્થ નથી. જેમ વિભાવ પર્યાય થાય ચૈતન્યનો સ્વભાવ નથી. પણ વિભાવ પર્યાય એ ખોટી જ છે, એમ નથી. વિભાવ પર્યાય ખોટો જ છે. તો તો એનું અસ્તિત્વ તો છે. એનું કારણ કે વેદાંત લોકો એમ કહે કે વિભાવ છે જ નહીં. બધી માયા જ છે એમ નથી. એવી જાતનું નથી. રાગ તો થાય છે પણ ઈ પોતાનો સ્વભાવ નથી. માટે એને અસદ્‌ભૂત વ્યવહાર કહે છે. કારણ કે ઈ તો પોતાનું જ્ઞાન છે એટલે ઈ તો ખોટું એમ લોકાલોકને જાણે છે. ઈ તો સિદ્ધ જાણે તો એમ તો સદ્‌ભૂત (ઈ તો વ્યવહાર શ્રદ્ધા આવે છે ને ઈ તો ઉપચાર છે ને? અનેક પ્રશ્નો તમારા શાસ્ત્રમાં આવે છે ને? એમ નથી.) ઉપચાર એટલે તદ્દન ખોટું છે એવું નથી. ગધેડાના શીંગડા જેવું છે એમ નથી. (ત્યાં વ્યવહારમાં તે પ્રમાણે નથી એવો અર્થ નથી.)

✻ પ્રશ્ન : જાણે છે તો વાસ્તવિક જાણે છે. લોકાલોકને પણ કેવળજ્ઞાન વાસ્તવિક જ જાણે છે કે પોતાનો સ્વભાવ છે?

● ઉત્તર : વાસ્તવિક જાણે છે કારણ કે જો એને કાઢી નાખે તો એને કઢાય શી રીતે? એ તો પોતાનો સ્વભાવ સહેજે જણાય છે.

એને ઈચ્છા નથી જાણવાની. તો પણ જ્યાં પોતાના સ્વભાવમાં વિશ્રામ થાય, પોતે પોતાને જાણતો લોકાલોકને સહજ જાણે એવો એનો સ્વભાવ છે, એ સ્વભાવ ક્યાં જાય? ઈ સ્વભાવ પોતે પોતામાં વિશ્રામ લેતા, સમયસારમાં આવે છે એમાં સહેજે જણાઈ જાય. એને કાઢવા માગે તો ઉલટાનો એને આકુળતા થાય. કાઢી શકાતું નથી. સહજ સ્વભાવ હોય ઈ નીકળે નહીં.

✻ પ્રશ્ન : આત્માનું સ્વરૂપ જ એવું છે?

● ઉત્તર : સ્વરૂપ જ છે. સહજ લોકાલોકને જાણવું. (લોકાલોકને જાણવું. બહારની કોઈ બીજાની ઉપાધિ નથી. એનું સ્વરૂપ જ એવું છે.) ઉપાધિ એટલે આકુળતા બહારની અંદર એવું નથી. ઈ તો સહજ છે. ઈ તો પોતામાં આનંદ કરતો એકલો સહજપણે જાણે છે. અને કાંઈ અભ્યાસથી નથી. પોતે પોતાને જાણતો સહજ જાણે છે. પછી એને વેદનમાં એમ નથી આવતું કે હું પરને નથી જાણતો. હું તો જ્ઞાન જાણું છું એવું વેદન નથી. ઈ તો સહેજે જે જાતના દ્રવ્યો છે ઈ જાતના દ્રવ્યોને જાણે છે બસ. વાસ્તવમાં ઈ જાણે છે. વસ્તુ સ્થિતિએ નિશ્ચયમાં ભલે પોતાના જ્ઞાનને જાણે. પણ એને વેદનમાં તો એમ જ આવે કે આ અનંતા દ્રવ્યો છે, આ અનંત ગુણ પર્યાયો છે. ઈ બધું કેવળજ્ઞાની એક સાથે જાણે છે. લોકાલોક જેમ છે એમ જાણે છે. એમાં કાંઈ ફેર નથી. એટલો ફેર છે કે છદ્મસ્થ છે ઈ ક્રમેક્રમે જાણે છે. છદ્મસ્થ એક સાથે બેયને ન જાણે એને પરિણતિ રહે છે કે હું આ છું ને આ પર હું આ ને આ પર' એવી ક્ષણે ક્ષણે સહજ પરિણતિ રહે પણ એનો ઉપયોગ બે ઠેકાણે કામ નથી કરતો. પરને જાણે ત્યારે સ્વ તરફ ઉપયોગ નથી. સ્વ તરફ ઉપયોગ હોય ત્યારે પર તરફ નથી.

✻ પ્રશ્ન : પરને જાણે એ એની યોગ્યતાથી?

● ઉત્તર : હા. ઈ ક્રમસર છે પણ એની પરિણતિ પર તરફ ઉપયોગ જાય તો એની ભેદજ્ઞાનની જે પરિણતિ પ્રગટે છે એ તો એમ

ને એમ છે. 'હું આ ચૈતન્ય છું. હું આ નથી, ચૈતન્ય છું, આ નથી,' એવી વેદનરૂપ પરિણતિ તો એને ઉભી જ છે. એમાં પછી કોઈવાર એને વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ થાય ત્યારે પર તરફનું લક્ષ તદન વહ્યું જાય છે. એકલી સ્વાનુભૂતિનો ઉપયોગ એના આનંદનો ઉપયોગ જ્ઞાનનો ઉપયોગ એનું વેદન છે. બહાર ઉપયોગ હોય ત્યારે જાણે છે, વિભાવને જાણે, અધૂરી પર્યાયને જાણે, પોતાના પૂર્ણ સ્વભાવને જાણે, દ્રવ્યને જાણે, બધું ઈ જાણે છે પણ એક સાથે નહીં. પરિણતિ તો બહાર ઉભી જ રહે છે. ભેદજ્ઞાનની સહજ-ભેદજ્ઞાનની પરિણતિ તો ક્ષણે ક્ષણે વિભાવ પર્યાયો થાય તો પણ ઈ પોતે જુદો ને જુદો જ્ઞાયકભાવે રહે. ક્રમ ઉપયોગમાં પડે છે, પરિણતિમાં એને ક્રમ નથી. પરિણતિ સહજ હોય છે. (ઉપયોગમાં ક્રમ પડે છે.) પરિણતિમાં ક્રમ નથી. પરિણતિ તો સહજ રહે છે. વેદનરૂપ હો, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક સ્વયં જ્ઞાયક, પરને જાણવું એટલે જ્ઞાયક એમ નહીં. સ્વયં જ્ઞાયક હું જ છું. જ્ઞાયક જ છે (આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં.) જ્ઞાયક એવો હોય કે એને મર્યાદા નથી. કે આટલું જાણે, આટલું ન જાણે એમ. જ્ઞાયક એટલે બધું સહજ આવે કેવળજ્ઞાની તો પોતે પોતામાં સમાઈ ગયા સંપૂર્ણ પછી સહજપણે જાણે છે. કોઈ જાતની ઉપાધિ કે આકુળતા નથી. એકદમ સૂક્ષ્મ સૂક્ષ્મ ભાવો ગયા કાળના, વર્તમાનના, ભૂતના, ભવિષ્યના બધું એક સાથે એક સમયમાં બધુંય જણાઈ જાય. અનંતા દ્રવ્યો, અનંતા ગુણ, અનંતી પર્યાયો બધું એક સાથે જણાય.

*** પ્રશ્ન : જ્ઞાનનો ખરેખર સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી તે પરને જાણે છે એ તો યથાર્થ છે પરંતુ નિશ્ચયથી તે પોતાને જાણે છે. એમાં પર પ્રતિભાસે છે. એનું કહેવું તે વ્યવહાર છે કેમ કે ખરેખર તો પોતે જ પ્રતિભાસે છે. એટલે કે પોતાને તો પોતાની જ્ઞાનની પર્યાય જ જ્ઞાનમાં હોય છે એ જ્ઞાનમાં સ્વપર પ્રકાશક ધર્મ હોવાથી સ્વ અને પર બન્ને જણાય છે. એમાં નિમિત્તરૂપે પરદ્રવ્ય છે. નિમિત્તની અપેક્ષા ઈ થઈ?**

● ઉત્તર : નિમિત્તથી પોતાનું જ્ઞાન જણાય નહીં પણ એને છે કે પોતે દ્રવ્ય એને કહેવાય જેમાં મર્યાદા ન હોય. એમાં જ્ઞાનગુણ, ચૈતન્ય એવો અસાધારણ છે કે જેમાં મર્યાદા નથી કે પોતાને જાણે, પરને જાણે, એવી જાતનું નથી. જ્ઞાનમાં અનંતતા હોવી જોઈએ એને કોઈ એવી જાતની મર્યાદા નથી. અમર્યાદિત છે એનું જ્ઞાન. પણ જે પોતા તરફ દૃષ્ટિ જાય, સ્વ અપેક્ષાએ પર તરફ દૃષ્ટિ નથી માટે પોતે એમાં રાગ કરીને જાણતો નથી. એકત્વબુદ્ધિએ જાણતો નથી. પોતાના સ્વભાવમાં જાય તો સહેજે જણાઈ જાય છે. વીતરાગ દશા થાય તો સહેજે જણાઈ જાય છે. પોતે ઉપયોગ તો એક વાર એક જ કામ કરે એટલે ઉપયોગ પોતા તરફ હોય ત્યારે પર તરફ ઉપયોગ નથી. પણ એટલે પરને જાણવાનો સ્વભાવ જ નથી. જાણવાનો સ્વભાવ વ્યવહાર એટલે આકાશના ફૂલ છે. ગધેડાના શીંગડા ઈ જેવો નથી ‘પર’ એમાં જણાય છે ખરું પણ એમાં એકત્વ નથી થતું. કર્તા નથી થાતો પણ સહજ જણાય છે. પણ જ્ઞાન જ્ઞાનને જાણે તે સાચું પણ એને વેદનમાં એમ નથી આવતું. કે ‘મેં મારા જ્ઞાનને જાણ્યું કે આ નથી જાણ્યું કે આ મકાન નથી જણાયું કે પુસ્તક નથી જ જણાણું કે આ નથી જણાણું કે આ પુસ્તક છે, આ મકાન છે, આ માણસ છે, આ ચૈતન્ય છે, આ જડ છે.’ એવી જાતનું એનામાં જણાય છે. માટે એવો વ્યવહાર છે ખરો. વ્યવહાર એટલે કાંઈ નાશ થાય એમ નથી. પોતાના સ્વભાવની દૃષ્ટિ પોતે એક ચૈતન્યની અપેક્ષાએ સ્વની અપેક્ષાએ પર એનામાં આવતું નથી. પર એનામાં કાંઈ પેસી નથી જાતું. વ્યવહાર એવો નથી કે એને જાણતો જ નથી. સમયસારમાં આવે છે કે ‘પર મારામાં જણાઈ ગયું આટલું બધું માટે હું એને કાઢી નાખું’ તો ઈ નહીં બની શકે. કારણ કે એને જાણવાનો સ્વભાવ છે. તું બહાર ફાંફા મારીને એને જાણવાની આકુળતા ન કર. એક ચૈતન્યને જાણ એટલે એમાં બધું જણાઈ જાય છે. સહેજે જણાઈ જાય છે. એટલે જ્ઞાન જ્ઞાનને જાણે એટલે પર

નથી જ જણાતું. પરનું કોઈ જ્ઞાન એનામાં આવતું જ નથી એવું નથી. જ્ઞાન પ્રત્યક્ષ અપ્રત્યક્ષ સમ ને વિષમને બધાને ન જાણે તો ઈ જ્ઞાન ને દિવ્ય કોણ કહે ? જ્ઞાનને બધાને જાણવાનો સ્વભાવ છે, પણ ઈ તરફ તારા ઉપયોગને એકત્વ નહીં કર તું તારા પોતાને જાણ. પોતાને જાણતા એનું સહેજે જણાઈ જાય છે. ચૈતન્યને જાણતાં બધું જણાઈ જાય છે. તું જ્ઞેય નિમગ્ન ન થા પણ એમાં સહેજે આવી જાય છે. પોતાને જાણતાં સહજ પરિણતિ પોતાને પ્રગટ થતાં સહજ વીતરાગ દશા પ્રગટ થતાં, એમાં લોકાલોક સહેજે જણાઈ જાય છે. જ્ઞાન જ્ઞાનને જાણે એ બરાબર. પણ એના વેદનમાં નથી આવતું કે આ લોકાલોક નથી કે આ જ્ઞેય નથી કે અનંતા દ્રવ્યો નથી કે અનંત ચૈતન્ય નથી કે અનંત નથી એમ નથી. આ બધું છે એમ જણાય છે, માટે પર જાણાવારૂપે જ્ઞાન પરિણમે પણ પરને જાણવાનું જ્ઞાન એમાં નથી આવ્યું એમ નથી. જ્ઞાનનો સ્વભાવ એનું નામ કહેવાય કે એમાં જાણવાની મર્યાદા ન હોય, ભલે વેદન ન હોય પણ જાણવાની મર્યાદા ન હોય. એમાં અનંતતા ભરેલી હોય. જ્ઞાન એનું નામ કહેવાય. સ્વભાવ એનું નામ કહેવાય, કે જેમાં મર્યાદા ન હોય. પણ એના તરફ દૃષ્ટિ ન કર. પર જાણવાના ફાંફા ન માર. તું તારા જ્ઞાનને સહજ જાણ. તારા તરફ ઉપયોગ કર. તારા તરફ દૃષ્ટિ કર, દૃષ્ટિ તારા તરફ, જ્ઞાનમાં બધું જણાઈ જાય છે સહેજે, પણ તું જ્ઞાન તો યથાર્થ કર એમ કહેવાનું છે.

**✻ પ્રશ્ન : ૨૭૮ ગાથાના કળશમાં એમ કહ્યું છે કે આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય. પણ ખરેખર પોતે જ્ઞાતા અને પોતે જ્ઞેય. એવો નિશ્ચય છે?**

● ઉત્તર : નિશ્ચયમાં બરાબર કે આત્મા જ્ઞાતા ને જ્ઞેય છે. બરાબર છે પણ એનો અર્થ એમ કે તું જ્ઞેય તરફ દૃષ્ટિ ન કર. જ્ઞેય એનો નથી. જ્ઞેય જણાતા જ નથી એમ નથી. પાછું બીજા ઠેકાણે એમ પણ આવે તું સમને વિષમને અનંત દ્રવ્યને જાણે. જે ગયો કાળ વીતી

ગયો. વર્તમાન વર્તે, ભવિષ્ય અનંત વીતશે એને જાણનારું જ્ઞાન. ચીતરેલી ભીંતની માફક ગયો કાળ વહ્યો ગયો. આ વહ્યું ગયું એ બધું જ્ઞાનમાં જણાય છે. એટલે એ વાતનો શાસ્ત્રનો મેળ કરવો જોઈએ કારણ કે એક વાત આવે એને સમજીને પૂરી વાતને કેવી રીતે મેળ છે? ઈ સમજી લેવું જોઈએ. ઓલી વાત પોતાના સ્વની અપેક્ષાએ છે પણ આ વાત એમાં આવે છે ખરી. નથી આવતી એમાં નથી. વ્યવહાર એટલે ઈ જાતનો વ્યવહાર નથી કે તદ્દન નાસ્તિરૂપ છે એમ નથી. એમાં જે શાસ્ત્રમાં જે આવે છે કે જે અનંતને જાણે છે તે તદ્દન નાસ્તિરૂપે નથી. ઈ છે ખરો વ્યવહાર. એના વેદનમાં પણ એમ આવે છે કે આ લોકાલોક છે, આ છ દ્રવ્યો છે, આ છે, પણ ઈ એમ કે છે કે તું જ્ઞેયને જાણી, જ્ઞેય નિમગ્નતા છોડી દે. તું તારા જ્ઞાનને જાણ. તારા જ્ઞાનમાં એવી નિર્મળતા છે કે તું પોતે જ્ઞાતા, પોતે જ્ઞેય, પોતે જ્ઞાન. એમ તારા ઓલામાં પર ઉપરથી દૃષ્ટિ છોડી દે એમાં સહેજે જણાઈ જાય. પરની દૃષ્ટિ છોડી દે. તારા જ્ઞાનની નિર્મળતા છે એટલે એમાં પર નથી જણાતું એવું નથી.

*** પ્રશ્ન : પર આશ્રિત જ્ઞાન સર્વથા હેય છે તો એમાં પરની જાણકારી પણ હેય છે ને ?**

● ઉત્તર : પર આશ્રિત જ્ઞાન એટલે પરનો આશ્રય જિતના હોતા હૈ જિસે રાગ હોતા હૈ. પર તરફ જાનેસે રાગ હોતા હૈ. એકત્વ-બુદ્ધિ હોતી હૈ, વો હેય હૈ. જ્ઞાન હેય નહીં હૈ, પર આશ્રિત જ્ઞાન એટલે ઉસમેં એકત્વબુદ્ધિ કરના. ઉસકે તરફ રાગ કરના, ઉપયોગ ખંડખંડ કરના, ઉસમેં રુક જાતા હૈ વો હેય હૈ. સ્વભાવમેં, જ્ઞાયકમેં, સહજ જ્ઞાનમેં, પર સહજ જણાય. ઐસા જ્ઞાન હૈ નહીં. જ્ઞાન તો આત્માકા સ્વભાવ હૈ. સ્વકો જાણ. સ્વપરપ્રકાશક આત્મામેં જબ જાતા હૈ. જ્ઞાયકતા પ્રગટ હોતી હૈ. વીતરાગદશા હો જાતી હૈ તો સહજ સ્વપરપ્રકાશક હો જાતા હૈ. પરકો જાનનેકો નહીં જાતા હૈ. સહજ જ્ઞાનમેં સબ આ જાતા હૈ. એ જાણો, એ જાણો, એ ફાંફા નહીં.

એક આત્માકો જાણો. એક આત્માકો જાણતા હૈ. ઉસમેં સબ આ જાતા હૈ. સહજ ઈસમેં આ જાતા હૈ.

✻ પ્રશ્ન : સ્વને જાણ્યા વિના પરનું જાણવું તે હેય છે ?

● ઉત્તર : પરનું જાણવું હેય નથી. પર એટલે જ્ઞેય નિમગ્નતા છે. એકલું પર જાણ્યા કરે જ્ઞાયકને નહીં જાણે તો હેય હૈ. જ્ઞેય નિમગ્નતા વો હેય હૈ. જ્ઞાન નિમગ્નતા–આત્મામેં રહેના, ઉસમેં જ્ઞાન ઔર જ્ઞેય દોનોં જાનનેમેં આતા હૈ વો સહજ હૈ. જ્ઞેયકો જાનનેકી બુદ્ધિમેં રાગ કરના વો હેય હૈ. ઈસલિયે નિમગ્નતા કરના હેય હૈ. યથાર્થ પરકો જાનના, જો એક આત્માકો જાનતે હૈ, સ્વકો જાનતે હૈ. એ યથાર્થ પરકો જાનતા હૈ. જો એકાંત પરકો જાનતા હૈ, વો યથાર્થ જાણતા હી નહીં હૈ. સ્વપૂર્વક જો પર જાનનેમેં આવે વો યથાર્થ હોતા હૈ. એકલું પર યથાર્થ હોતા હી નહીં. ઉસમેં વિપર્યાસ આતા હૈ. મિથ્યાત્વ સાથમેં રહતા હૈ. મિથ્યાજ્ઞાન હૈ યે.

✻ પ્રશ્ન : પરમાં પોતાનું જાણવું ભેદ ભંગ એ છે, પરમાં પોતાનું જાણવું એટલે શું ?

ઉત્તર : સ્વભાવ પોતે પોતાને અનુભવ હોય એ પોતાની વાનગી છે. પરને પોતાનું માનવું એટલે પોતે બીજાને જાણી શકે. પરને પોતામાં માનવું ઈ નહીં. પોતાને પોતામાં માનવું ઈ પોતાનો સ્વભાવ છે. ઈ પોતાની સ્વાનુભૂતિ છે. પોતાને પોતારૂપ. પરને પરરૂપે જાણવું જાણે પરનું અને પોતાનું જ્ઞાન કરવું. સ્વપર પ્રકાશક જ્ઞાન ઈ પોતાનું છે. પોતે પોતાને જાણે અને પરને જાણે. પરમાં પોતાનું માનવું ઈ શબ્દ આવ્યો ને એટલે મેં કીધું. જાણવું ઈ પોતાની વાનગી છે પર પર ઈ જુદો છે. જાણવું ઈ પોતાનું છે. પોતે પોતાને જાણવું, પોતે પરને જાણવું ઈ જ્ઞાન પોતાનું છે. સ્વપરપ્રકાશક. ઈ પોતાની વાનગી. પર પોતાનું નથી. પર જુદો ને પોતે જુદો, પોતે પોતાનું જાણવું. પોતાની વાનગી છે. એમાં સ્વપરપ્રકાશક જ્ઞાન આવી ગયું, આનંદ આવી ગયો, બધું આવી ગયું. પોતાને જાણે અને જ્ઞાનને

જાણે, અજ્ઞાનીને તો એકત્વબુદ્ધિ છે. ઈ તો પરને જાણે તો જ્ઞેય અને જ્ઞાયક એને જુદું નથી પડતું. તો પરને જાણે એટલે પરને જાણે છે. આ જ્ઞેય જુદો એમ એકત્વબુદ્ધિ છે. જ્ઞાની જે જાણે છે તો પોતાને સ્વપૂર્વક પર જ્ઞાયકમાં પોતાની દૃષ્ટિ છે. જ્ઞાયકરૂપે પરિણતિ છે, તે રૂપે અને પરને જાણે છે એટલે એને સ્વપરપ્રકાશક જ્ઞાન છે એને જ્ઞેય, જ્ઞાન જુદા પડે છે. આ જ્ઞેય અને હું તો જાણનારો છું. આ જ્ઞેય તે મારાથી અત્યંત જુદો ને હું તો જ્ઞાયક છું એમ એને ભેદજ્ઞાન છે. અજ્ઞાનીને તો જ્ઞેય, જ્ઞાયકનું ભેદજ્ઞાન નથી, એને જાણવું બસ. પર તરફ જ ઉપયોગ છે. પોતે કોણ છે ખબર નથી. ઉપયોગ જ પર તરફ છે, 'પરને જાણવાથી મારી અસ્તિ જ છે જાણે. પરને જાણે તે હું. પરને જાણનારો હું' એવી જાતની દૃષ્ટિ લીધી છે, પોતાનું અસ્તિત્વ એણે ગ્રહણ કર્યું નથી. બીજાના અસ્તિત્વથી મારું અસ્તિત્વ હોય એવી એની બુદ્ધિ છે, આમ પ્રગટપણે નહીં પણ એને એકત્વબુદ્ધિ એવી જાતની છે. જ્ઞાનીને એમ છે કે મારું અસ્તિત્વ મારાથી છે, પરથી મારું અસ્તિત્વ નથી. હું પોતે સ્વયં જ્ઞાયકની અસ્તિ ધરાવનારો હું છું. અને મારો જ્ઞાન સ્વભાવમાં એમાં જ્ઞેય જણાય છે. છદ્મસ્થ છે એટલે ઉપયોગ બહાર જાય એટલે જણાય પણ પોતે પોતાને જાણતો પરને જાણે છે. ઉપયોગ, દૃષ્ટિ, પરિણતિ પોતા તરફ છે અને પરને જાણે છે એટલે એને ભેદજ્ઞાન વર્તે છે.

* પ્રશ્ન : એક સાથે બે જુદા જુદા જ્ઞાન વર્તે છે. એક સ્વને જાણતું અને એક પરને જાણતું?

● ઉત્તર : જ્ઞાયકરૂપે પરિણતિ છે. સ્વ તરફ. જ્ઞાનીનો ઉપયોગ પોતા તરફ એક તરફ હોય પણ પરિણતિ જ્ઞાયકની છે. પોતે પોતાને જાણવાનું પરિણમનપૂર્વક પરને જાણે એટલે પર જુદો ને હું જુદો એવી ભેદજ્ઞાનની પરિણતિ એને સહજપણે વર્ત્યા કરે છે. એમાં ઉપયોગ બહાર જાય તો જ્ઞેય જણાઈ જાય છે પણ જ્ઞેયરૂપે પોતે થાતો નથી, એનાથી જુદો રહે છે.

✻ પ્રશ્ન : પરને જાણવું તે દુ:ખનું કારણ છે કે પરમાં રાગ કરવો તે દુ:ખનું કારણ છે?

● ઉત્તર : પરને જાણવું તે દુ:ખનું કારણ નથી પણ પર ઉપર રાગ કરવો તે દુ:ખનું કારણ છે.

✻ પ્રશ્ન : પછી સ્વને કઈ રીતે જાણે?

● ઉત્તર : સ્વ તરફ દૃષ્ટિ કરે તો સ્વ જણાય છે. પર તરફ દૃષ્ટિ અનાદિની છે. પર જણાય છે. સ્વ જ્ઞાયકને જાણે તો સ્વ જણાય છે.

✻ પ્રશ્ન : જ્ઞાન દોષ પાત્ર થયો સ્વને નથી જાણતો પરને જ જાણે છે?

● ઉત્તર : ઈ પોતાની ભૂલ છે અનાદિની, પોતાની દૃષ્ટિનો દોષ છે. (જ્ઞાનનો દોષ નહીં?) જ્ઞાનનો દોષ નથી, દૃષ્ટિની ભૂલ છે.

✻ પ્રશ્ન : આત્માકા સ્વભાવ તો સબકો જાનનેકા હૈ. ઘટપટ આદિ પદાર્થ તો બિલકુલ સ્પષ્ટરૂપસે ઉસકે જાનનેમેં આતે હૈ તો અરૂપી આત્મા ઉસકે જાનનેમેં નહીં આતા વો કૈસે જણાય? યદિ જાનનેકા સ્વભાવ હૈ તો જૈસે રૂપીકો જાનતા હૈ વૈસે અરૂપીકો સ્પષ્ટ જાનના ચાહીયે?

● ઉત્તર : જાનનેકા સ્વભાવ જાનતે સકતે હૈ, પર પ્રયત્ન નહીં કરતે તો જાનનેમેં નહીં આતા. સ્વાનુભૂતિ વેદનમાં ઈ વેદનમાં આવે છે. એની શ્રદ્ધા થઈ શકે છે. એને વેદનમાં આવી શકે છે અને વિશેષ લીનતા કરવાથી પ્રગટ થઈ શકે છે. સ્વભાવ તો છે, સ્વભાવ કાંઈ હાનિ નથી પામ્યો. ઈ સ્વભાવને પોતે જાણી શકે છે, વેદી—વેદનમાં અનુભૂતિમાં લઈ શકે છે. શ્રદ્ધામાં આવી શકે છે અને કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રગટ કરી શકે છે.

✻ પ્રશ્ન : એકાગ્ર આત્મા ઉપર હોય અને પર જણાય એવી રીતે નહીં, એકાગ્ર આત્મા ઉપર હોય? તેમ નહીં?

● ઉત્તર : એકાગ્રતા તો એને આત્મા ઉપર જ છે.

કેવળજ્ઞાનીની એકાગ્રતા આત્મા ઉપર જ છે. જ્ઞાનમાં પરિપૂર્ણ એકાગ્રતા છે. પરિપૂર્ણ વીતરાગતા છે. પરિપૂર્ણ જ્યાં છે ત્યાં જ્ઞાન એનું કાંઈ અધૂરું રહેતું નથી. પરિપૂર્ણ વીતરાગતા અને પરિપૂર્ણ એકાગ્રતા થઈ ગઈ એટલે જ્ઞાન પણ જે નિર્મળ સ્વભાવે પરિપૂર્ણ હતું તે પરિપૂર્ણ થઈ ગયું છે. બસ! એમાં કાંઈ અધૂરાશનો પ્રવેશ નથી. જ્ઞાન જે જ્ઞાન હતું. જ્ઞાન એટલે અગાધ સ્વભાવ જ્ઞાન છે. ઈ જ્ઞાનમાં કાંઈ રૂકાવટ નથી. જ્ઞાન એટલે જાણવું. ઈ જાણવામાં આટલું જાણે ને આટલું ન જાણે ઈ આવે જ નહીં. જાણવું એટલે બધું જાણવું બસ. ઈ જ્ઞાન પરિપૂર્ણ થઈ ગયું પોતે પોતામાં એકાગ્ર છે તોયે જ્ઞાન સ્વયં જાણે જ છે. પોતે પોતા તરફ પરિણમી ગયું છે. તો પણ સ્વયં જણાય જ છે. જેમ દીવો પોતે ઈ તો એક દૃષ્ટાંત છે. સ્વયં પ્રકાશરૂપ જ છે ઈ એને પ્રકાશવું. અને બીજાને ન પ્રકાશે એવું હોતું નથી. સ્વયં પોતે પ્રકાશરૂપ છે અને બીજાને પ્રકાશે છે એમ પોતે સ્વયં જ્ઞાન પ્રકાશરૂપ છે અને બીજાને સ્વયં પ્રકાશે છે. જે જાણવાનો પ્રકાશ છે આ તો કાંઈ ઓલો લાઈટનો પ્રકાશ નથી.

**✻ પ્રશ્ન : તો ઉપયોગ આત્મા ઉપર છે અને લોકાલોક જણાય છે એવું નથી ?**

● ઉત્તર : ઉપયોગ એટલે પરિણતિ પોતા તરફ ચાલી ગઈ છે. એને ઉપયોગ કહી શકાતો નથી. ઉપયોગ કહો તોય પોતે પોતામાં પરિણતિ પોતા તરફ છે. એકાગ્રતા પોતા તરફ છે. પરની એકાગ્રતા છૂટી ગઈ છે. ઉપયોગનો અર્થ ક્રમે ક્રમે જાણવું એ એવી જાતનો ઉપયોગ કેળજ્ઞાનીને નથી જ્ઞાન ઉપયોગ. ઉપયોગ સ્વભાવ એટલે ઉપયોગ એટલે જ્ઞાનની પરિપૂર્ણતા બસ. એની દિશા આખી બદલાઈ ગઈ. પોતામાં જ્ઞાન લીન થઈ ગયો. ચારિત્રની એકાગ્રતા કહો, જ્ઞાનની એકાગ્રતા કહો, જે કહો ઈ. બસ. પોતામાં એકાગ્ર છે. એમાં સ્વયં જણાય છે. જાણવા જાવું નથી પડતું. એનો જાણવાનો સ્વભાવ છે. દૂર રહીને સહજ જણાય છે, પોતાને જાણતા સ્વયં જણાઈ જાય.

સહજ સ્વભાવ એવો એનો કોઈ અચિંત્ય સ્વભાવ છે.

✽ પ્રશ્ન : જે જ્ઞાન પરજ્ઞેયો કા લક્ષ કરે ઔર સ્વકા લક્ષ કરે ઔર સ્વયંકો જાન લે ફિર ઉસ જ્ઞાનકો પર જાનનેકે લિયે સ્વપર પ્રકાશક જ્ઞાન પ્રગટ હુઆ હૈ. તો જાનનેમેં આવે ઇસલિયે પ્રત્યક્ષ જ્ઞાનકા લક્ષ નહીં ક્યા? ઔર સ્વ જાનનેકે લિયે ઉપયોગ હૈ ઔર સ્વયંકો જાન લે ઔર ફિર પર જાનનેમેં કૈસે આવે ?

● ઉત્તર : સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ વો અપનેકો ભી જાનતા હૈ. પરકો જાનતા હૈ. સમ્યક્‌દૃષ્ટિ સ્વાનુભૂતિ હોતી હૈ. નિર્વિકલ્પ યે તરફકે ઉપયોગ તો સ્વાનુભૂતિકા વેદન કરતા હૈ ઈસલિયે પર તરફકા ઉપયોગ નહીં, સ્વમેં વેદન કરતા હૈ એટલે કે સ્વ અપનેકો જાનતા હૈ. ઉસકા ઉપયોગ તો એક તરફ રહેતા હૈ.

✽ પ્રશ્ન : એ સ્વ પ્રકાશક હૈ?

● ઉત્તર : હા, એ સ્વ પ્રકાશક હૈ. પર પ્રકાશક ક્યા હુઆ? ઐસા અનંત ગુણ અપનેમેં હૈ વો જાનતા હૈ, વો જાનતા હૈ ઉસકા વેદન આતા હૈ, વો પર પ્રકાશક હૈ. સ્વપરપ્રકાશક દોનોં એક સાથ રહેતા હૈ. એક સાથ રહેતા હૈ, અનંત ગુણ ઈસકો જાને અપનેકો, અભેદરૂપસે જાનતા હૈ.

✽ પ્રશ્ન : કળશ ટીકા ૨૭૮મેં પૂજ્ય ગુરુદેવશ્રીને કહા હૈ કે સ્વયં જ્ઞાતા હૈ, સ્વયં જ્ઞાન હૈ ઔર સ્વયં જ્ઞેય હૈ. એક તરફ યહ બાત આતી હૈ ઔર દૂસરી તરફ ઐસા આતા હૈ કિ અપના જ્ઞાન તો સ્વપરપ્રકાશક હૈ તો ફિર કૈસા ?

● ઉત્તર : જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય દોનોં પોતે સ્વભાવમેં સ્વભાવ દૃષ્ટિસે તો દોનોં એકરૂપ હૈ, અભેદ એક હી હૈ. જ્ઞાતા હૈ, ઉસમેં જ્ઞાન હૈ, ઉસમેં જ્ઞેય ભી અપના હૈ પણ સ્વપરપ્રકાશક જ્ઞાનકા સ્વભાવ વો ભી યથાર્થ હૈ ઔર જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય ભી અપનેમેં હૈ વો ભી યથાર્થ હૈ. સ્વપરપ્રકાશક આત્માકા સ્વભાવ હૈ. પરકો જાનતા હૈ. સ્વકો ભી જાનતા હૈ. ઐસા આત્માકા સ્વરૂપ જ્ઞાન લક્ષણ ઉસકા

નામ જો સબકો જાને, એ અપનેકો જાને, અપના અનંત ગુણોકો જાને, અનંત પર્યાયકો જાને, પર ઔર અનંત જ્ઞેયો જો બહાર હૈ ઉસકો ભી જાને, જ્ઞાનકા સ્વભાવ ઐસા હૈ કે પૂરા જાને, જ્ઞાનમેં ઈસમેં મર્યાદા નહીં હોતી કે ઈતના જાને ઈતના નહીં જાને, ઐસા નહીં હોતા. જ્ઞાન ઈસકા નામ જો અનંતતાસે ભરા હૈ પૂરા જાને. સબ જાને ઐસા જ્ઞાન લક્ષણ, અસાધારણ જ્ઞાન લક્ષણ અનંતતાસે ભરા હૈ. ઉસમેં મર્યાદા નહીં હોતી. જૈસે આકાશકા સ્વભાવ અનંત ઔર અગાધ હૈ. ઈસમેં જ્ઞાન લક્ષણ ઐસા હૈ. જો અનંતકો જાને, સબકો જાને, પરમેં જાતા નહીં. અપને સ્વક્ષેત્રમેં રહકર સબકો જાનતા હૈ ઐસા સ્વભાવ હૈ. પરમેં જાતા નહીં. જ્ઞેયમેં જાતા નહીં. અપને સ્વક્ષેત્રમેં રહકર ભી અપનેકો જાનતા હૈ. પરકો જાનતા હૈ. ઐસા ઈસકા ઐસા સ્વયં સહજ સ્વભાવ હૈ.

**✻ પ્રશ્ન : સ્વયં જ્ઞાતા સ્વયં જ્ઞેય ઉસમેં યદિ ઐસા સમજે પર્યાય જ્ઞાતા ઔર દ્રવ્ય જ્ઞેય એ બરાબર હૈ ?**

● ઉત્તર : જ્ઞાતા દ્રવ્ય હૈ ઔર જ્ઞેય પર્યાય હૈ, ઐસા હોતા હૈ. જ્ઞાતા દ્રવ્ય હૈ ઔર પર્યાય જ્ઞેય. કોઈ અપેક્ષાથી ક્યાંય આવતું નથી. બાકી જ્ઞાતા દ્રવ્ય હૈ ઔર જ્ઞેય પર્યાય હૈ. જ્ઞેય ગુણ હૈ, જ્ઞેય પર્યાય હૈ, જ્ઞાતા દ્રવ્ય હૈ.

**✻ પ્રશ્ન : પર પ્રકાશક થાય છે ત્યારે વિકલ્પ પરમાં જાય છે ?**

● ઉત્તર : સ્વાનુભૂતિ પછી બહાર આવે ત્યારે એને ભેદજ્ઞાનની ધારા ઉભી રહે છે. બહાર ઉપયોગ જાય તો 'હું જ્ઞાયક જાણનારો છું. આ વિકલ્પ આવે તો એનાથી જુદો છું.' 'એવી ક્ષણે ક્ષણે એને ભેદજ્ઞાનની ધારા, એવી જ્ઞાનની ધારા એને સહજ રહે છે. પછી એને ગોખવું નથી પડતું. એવી જાતની શ્રદ્ધા અને જ્ઞાન એને અમુક જાતની ભેદ જ્ઞાનની ધારા વર્ત્યા જ કરે છે. ખાતાં, પીતાં, કાર્ય કરતાં ગમે ત્યારે સૂતા સ્વપ્નમાં ભેદજ્ઞાનની ધારા 'હું જુદો છું ચૈતન્ય, હું જુદો, હું જુદો છું'. એવી જાતની ધારા એને ચાલ્યા જ કરે

છે. બહાર ઉપયોગ જાય તોય એવી જાતની ધારા એને ચાલે છે. ક્ષણે ક્ષણે સહજ ભેદજ્ઞાનની ધારા ચાલે છે.

✻ પ્રશ્ન : સ્વપરપ્રકાશક જ્યારે કહીએ ત્યારે એનો સમય જુદો હોય ?

● ઉત્તર : ના, સમય જુદો ન હોય. એકજ એક સમયમાં પોતે પોતાને પ્રકાશે છે. કેવળજ્ઞાન થાય ત્યારે પોતાને જાણતાં બીજું એમાં સ્વયં જણાઈ જાય છે. બે સમય જુદા નથી કે પરને જાણે ત્યારે પોતાને ન જાણે. પોતાને જાણે ત્યારે પરને ન જાણે. એવી જાતનો સમય જુદો નથી. બહાર ઉપયોગ હોય તોય જ્ઞાયકની ધારા, જ્ઞાયકની પરિણતિ હોય છે. છદ્મસ્થને એક વખતે એક ઉપયોગ હોય છે, પણ જ્ઞાયકની પરિણતિની ધારા એને એમને એમ ચાલે છે. પરિણતિ તો સહજ પોતે સ્વરૂપે રહે છે અને પરરૂપે થાતો નથી. પોતે પોતાને જાણતો બીજાને જાણે છે. એકમેક નથી થાતો. ઈ પણ એકમેક નથી થાતો, છદ્મસ્થ પણ. ભેદજ્ઞાનની ધારા અને પરિણતિ રહે છે. પોતે પોતાને વેદતો, પોતાને જાણતો, બીજાને જાણે છે. વેદતો એટલે અનુભૂતિની વાત જુદી. આ તો અમુક અંશે શાંતિ, સમાધિ, સ્વરૂપે પોતાનો પરિણમતો બીજાને જાણે છે સ્વપરપ્રકાશક.

✻ પ્રશ્ન : બીજાને જાણે ત્યારે એનો વિકલ્પ બીજા તરફ જાય ?

✻ ઉત્તર : વિકલ્પ જાય તો પણ વિકલ્પ જુદો છે. 'હું જાણનારો જુદો છું', ઈ જાતની એની પરિણતિ ખસતી જ નથી.

પૂજ્ય સદ્ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.